અહો ! સર્વોત્કૃષ્ટ શાંત રસમય સન્માર્ગ—
અહો ! તે સર્વોત્કૃષ્ટ શાત રસપ્રધાન માર્ગના મળ સર્વજ્ઞ દેવ —
અહો ! તે સર્વોત્કૃષ્ટ શાત રસ સુપ્રતીત કરાવ્યો એવા પરમકૃપાળુ સદ્‌ગુરુદેવ—
આ વિશ્વમા સર્વકાળ તમે જયવત વર્તો, જયવત વર્તો

હા નો ૩/૨૩

શ્રીમદ્ રાજચંદ્ર જન્મ શતાબ્દી મંડળ

કારોબારી સમિતિ

૧	શ્રી ત્રિકમલાલ મહાસુખરામ શાહ	પ્રમુખ	અમદાવાદ
૨	શ્રી લાલભાઈ સોમચંદ શાહ	ઉપપ્રમુખ	અમદાવાદ
૩	શ્રી ભોગીલાલ ખુલાખીદાસ દલાલ	મંત્રી	અમદાવાદ
૪	શ્રી અરવિંદ ચીનુભાઈ શાહ	સહમંત્રી	અમદાવાદ
૫	શ્રી રામભાઈ રણછોડભાઈ પટેલ	સભ્યો	વડોદરા (નાગ)
૬	શ્રી સોભાગચંદ ચુનીલાલ શાહ		વડોદરા
૭	શ્રી રાવજીભાઈ છગનભાઈ દેસાઈ		અગાસ
૮	શ્રી રમણલાલ ભોગીલાલ શાહ		અમદાવાદ
૯	શ્રી મણીભાઈ ભુલાભાઈ પટેલ		ભાદરણ
૧૦	શ્રી જેઠાભાઈ જગજીવનદાસ શાહ		ખંભાત
૧૧	શ્રી જયંતિલાલ પ્રેમચંદ શાહ		વવાણિયા

પ્રકાશન સમિતિ

૧	શ્રી સોભાગચંદ ચુનીલાલ શાહ	પ્રમુખ	વડોદરા
૨	શ્રી ત્રિકમલાલ મહાસુખરામ શાહ		અમદાવાદ
૩	શ્રી લાલભાઈ સોમચંદ શાહ		અમદાવાદ
૪	શ્રી રાવજીભાઈ છગનભાઈ દેસાઈ		અગાસ
૫	શ્રી રામભાઈ રણછોડભાઈ પટેલ		વડોદરા (નાગ)

મૂલ્ય રૂ ૧૦-૦૦

મુદ્રકો

વિ. ૨૦૨૬
સ. ૧૯૭૦
[illegible] ૫૦૦

શ્રી સુમનભાઈ એમ. ઝવેરી
કલા પ્રિન્ટરી
પાણીગેટ રોડ, વડોદરા

શ્રી જયંતિલાલ સી. શાહ
આચાર્ય પ્રિન્ટીંગ પ્રેસ
પાણીગેટ રોડ, વડોદરા

"પરમાનંદ રૂપ હરિને ક્ષણ પણ ન વિસરવા એ અમારી સર્વ કૃતિ, વૃત્તિ અને લેખનો હેતુ છે."
પત્રાંક ૨૪૭

અમારાં
પ્રકાશનો

શ્રીમદ્ રાજચંદ્ર જન્મ શતાબ્દી મંડળ

૧	શ્રી રાજપદ	શ્રીમદ્ રાજચંદ્રજીના ભાવવાહી પદોનો સંગ્રહ	૦–૫૦
૨	श्री राजपद	नागरी लिपिमा	०–५०
૩	શ્રી જીવન સાધના	મુકુલભાઈ કલાર્થી શ્રીમદ્ રાજચંદ્રની જીવનકથા તથા પ્રસંગો	૧–૨૫
૪	श्री जीवन-साधना	हिन्दी भाषान्तर–पं. गुणभद्र जैन	१–२५
૫	કર વિચાર તો પામ	શ્રીમદ્ રાજચંદ્રના સાહિત્યમાંથી અમૃતબિન્દુઓ	૦–૬૦
૬	कर विचार तो पाम	हिंदी भाषान्तर	०–६०

શ્રી સંક્ષિપ્ત ગ્રંથમાળા–(પાન ૪૮) સંપાદકઃ મુકુલભાઈ કલાર્થી

૭	જીવન–ચરિત	શ્રીમદ્ રાજચંદ્ર, સંક્ષિપ્ત જીવન ચરિત	૦–૨૫
૮	પ્રેરક પ્રસંગ	શ્રીમદ્ રાજચંદ્રના જીવનના કેટલા પ્રસંગો	૦–૨૫
૯	દૃષ્ટાંતકથા ભાગ ૧	શ્રીમદ્ રાજચંદ્રની મોક્ષમાળા–ભાવના બોધમાની કથાઓ	૦–૨૫
૧૦	દૃષ્ટાંતકથા ભાગ ૨	,, ,,	૦–૨૫

પ્રગટ થવાની તૈયારીમા :–

૧૧	દૃષ્ટાંતકથા ભાગ ૩	,, ,,	૦–૨૫
૧૨	આત્મસિદ્ધિશાસ્ત્ર	શ્રીમદ્ રાજચંદ્ર	૦–૨૫
૧૩	શ્રી સોભાગ પ્રત્યે	શ્રીમદ્ રાજચંદ્રના શ્રી સોભાગભાઈ પ્રત્યેના પત્રોનું સળંગ પુસ્તક	
૧૪	ઉપદેશ છાયા	શ્રીમદ્ રાજચંદ્રના ઉપદેશની નોંધ	૦–૭૦
૧૫	શ્રીમદ્ રાજચંદ્ર જન્મ શતાબ્દી અંક–જન્મ શતાબ્દી નિમિત્તે અનેક ગુણાનુરાગીઓની અંજલિ		૧૦–૦૦

નોંધ : આ પાંચ પુસ્તકો આ સંસ્થાના સભ્યોને ભેટ આપવામા આવ્યા છે.
આ ઘણા પુસ્તકોની કિંમત પડતર કિંમત કરતા ઓછી રાખવામા આવી છે.

ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.

એ વચનો—કથન, લેખન, કવન—પત્રાદિ—વિવિધ પ્રકારે જનસમૂહ સમક્ષ મૂકવા કે જેથી એ મહાપુરુષનું યથાર્થ અંતરસ્વરૂપ સમજી, શ્રદ્ધી અને આરાધી ભવ્ય જીવો એ આત્મસ્વરૂપને એમના અંતરમા આવિર્ભાવ કરવાને સમર્થ થાય એવું નિમિત્ત મલી રહે.

ઉદ્દેશના સાફલ્ય માટે અગિયાર સભ્યોની વ્યવસ્થાપક સમિતિ નીમવામા આવી. આ ભાઈઓએ શ્રીમદના ગુણાનુરાગી ભાઇબહેનોને રૂબરૂ મળી, વિનતિ કરી, પ્રકાશન કાર્ય માટે જોઈતી રકમ એકત્ર કરી.

આ ઉદ્દેશના પ્રધાન અગભૂત એવા પ્રકાશન કાર્ય માટે પાચ સભ્યોની સમિતિ નીમવામા આવી, જેણે આ પ્રકાશનનુ કાર્ય ઉપાડી લીધુ આ મડળના પ્રકાશનની વિગત આ અંકમા જ અન્યત્ર આપવામા આવી છે.

જન્મશતાબ્દી નિમિત્તે એક અંક બહાર પાડવાની ઘણા ભાઈઓની ઇચ્છા થવાથી એ કાર્ય પણ પ્રકાશન સમિતિએ ઉપાડી લીધું શ્રીમદ્ રાજચદ્ર આશ્રમ, અગાસના ટ્રસ્ટીઓએ. પોતે એક અંક બહાર પાડવા વિચારતા હતા. તેને બદલે આ મંડળ જે અક બહાર પાડે તેની જ એક હજાર પ્રત લેવાનુ કરાવ્યુ એમ બધા જ ગુણાનુરાગીઓના સયુક્ત પ્રયાસે આ જન્મશતાબ્દી અક આપની સમક્ષ આનંદ અને ગૌરવભર્યા ભાવે રજૂ કરીએ છીએ

અમારી મનીષા પ્રમાણે લેખોની વિવિધતા આ અંક માટે અમે પ્રાપ્ત કરી શકયા નથી તેમ છતા જે કંઈ પ્રાપ્ત થયુ છે, અને આપની સમક્ષ રજૂ થાય છે, તે જરૂર શ્રીમદજીના જીવનને અનેક રીતે સ્પર્શે છે એ સતોષની વાત છે.

આ અકમા :

આત્મસિદ્ધિશાસ્ત્રનુ અંગ્રેજી ભાષાન્તર એક યુરોપિયન [illegible] જે પ્રેમપૂર્વક રજૂ કરે છે એ આપણને પ્રમોદ ઉપજાવે છે.

પુષ્પમાળાનુ અંગ્રેજી ભાષાન્તર શ્રીમદ્‌ના અનુરાગી [illegible] આપવામા આવ્યુ છે

લેખો મુખ્યત્વે ખાસ આ અંક માટે જ લખાયેલા છે છતા પૂ મહાત્મા ગાધીજી, આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, શ્રીયુત ગોવિદજી મૂલજી મેપાણી જેવાના પ્રાચીન લેખો પણ છે.

પ્રજ્ઞાચક્ષુ પડિતજી સુખલાલજીની અસ્વસ્થ તબિયતને લીધે એમની 'શ્રીમદ્ રાજચંદ્ર સમાલોચના'માથી કેટલુક લીધુ છે

શ્રીયુત પ્યારેલાલજીના 'early phase' માથી પણ કેટલુક લીધુ છે

શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે મુમુક્ષુઓએ જે પત્ર લખ્યા છે, તેમાથી થોડા નમૂના રૂપે આપવામા આવ્યા છે.

કેટલાક પરિચયો ને સંસ્મરણોને પણ સ્થાન આપ્યુ છે શ્રીમદના સ્મારકોની માહિતી જે પ્રાપ્ત થઈ છે તેને અનુસરીને આપવામા આવી છે.

શ્રીમદ્‌જીની જુદી જુદી અવસ્થાઓના પ્રાપ્ત ફોટાઓ તો આ અંકને અલકૃત કરે જ છે તે ઉપરાત એમના ભક્તવૃંદના તથા સ્મારક સસ્થાઓના જે ફોટાઓ પ્રાપ્ત થયા છે તેનો પણ આ અકમા સમાવેશ કર્યો છે

આ અકમા શ્રીમદ્ રાજચદ્રના પત્રાક જ્યા જ્યા આપવામા આવ્યા છે તે સર્વે શ્રીમદ્ રાજચદ્ર આશ્રમ—અગાસ દ્વારા પ્રકાશિત સ. ૨૦૦૭ ની આવૃત્તિના છે

પ્રત્યેક પાનની નીચે જે સુવાકય મૂકયુ છે તે બધા શ્રીમદ્ રાજચદ્રજીના સાહિત્યમાથી લીધા છે

આ અક તૈયાર કરવામા જે જે ગુણાનુરાગી ભાઈ-બહેનોએ પોતાના લેખો મોકલી તથા અન્ય જે કંઈ પણ પ્રકારે આ અકને ઉપયોગી બનાવવામા મદદ કરી છે તે માટે અત્રે સૌનો આભાર માનીએ છીએ.

કલા પ્રિન્ટરીના ભાઈ રતિલાલભાઇ, આચાર્ય પ્રિન્ટીંગ પ્રેસના ભાઈશ્રી જયતિલાલભાઈએ જાત દેખરેખ ને પરિશ્રમ લઈ સમયસર આ અક તૈયાર કરી આપ્યો છે તેની સાભાર નોધ લઈએ છીએ

આ સમગ્ર કાર્યમા કંઈપણ અમારી ત્રુટી રહી હોય તેની નમ્રભાવે ક્ષમા ઇચ્છીએ છીએ.

અવિષમ ભાવે જ્યા આત્મધ્યાન વર્તે છે એવા જે "શ્રી રાજચદ્ર" તે પ્રત્યે ફરી ફરી નમસ્કાર કરી અભિવંદને આ નૈવેદ્ય સમર્પીએ છીએ

[illegible]
[illegible]
[illegible]

શ્રીમદ્ રાજચંદ્ર જન્મ શતાબ્દી મંડળ
પ્રકાશન સમિતિ વતી
શોભાગભાઈ ચુનીલાલ શાહ
પ્રમુખ.

તેના [illegible]માં હું આવી શકું." આમ કહી આ દુઃખ [illegible] લક્ષ્મી, પુત્ર કે કીર્તિ આદિનું અથવા તો [illegible], [illegible] આદિ શરીરનું દુઃખ નથી આ પછી [illegible] કલ્પનાઓ કરી તેનો નિર્દેશ કરતા કહે છે.

"મોટી કલ્પના તે આ બધું શું છે તેની હતી તે કલ્પનાનું [illegible] એવું રૂપ લીધું કે પુનર્જન્મે નથી, [illegible] નથી, [illegible] નથી, સુખે રહેવું અને સંસાર ભોગ-[illegible] છે. એમાંથી બીજી પંચાતમાં નહીં [illegible] ધર્મની વાસનાઓ કાઢી નાખી. કોઈ ધર્મ માટે [illegible] રહ્યું નહિ."

[illegible] નાસ્તિકતા-કોઈ પણ ધર્મમા [illegible] સ્થિતિએ પહોંચ્યા પછી [illegible]. "થોડા વખત ગયા પછી [illegible] થયું. જે થવા [illegible] કલ્પ્યું ન હોતું, [illegible] હોય એવું કંઈ [illegible] [illegible] ઉત્પન્ન થયો; કોઈ [illegible] અનુભવ પ્રગટ [illegible] [illegible] કલ્પનામાં પણ [illegible], [illegible] અત્યારે [illegible]."

[illegible]

ઘેરે છે?.. મહારંભ, મહાપરિગ્રહ, ક્રોધ, માન, માયા લોભ કે એવું તેવું જગતમાં કંઈ જ નથી, એમ વિસ્મરણ ધ્યાન કરવાથી પરમાનંદ રહે છે. તેને ઉપરના કારણોથી જોવા પડે છે એ મહાખેદ છે." અને થઈી બીજું કારણ "અંતરંગ ચર્યા પણ કોઈ સ્થળે ખોલી શકાતી નથી, એવા પાત્રોની દુર્લભતા મને થઈ પડી એ જ મહા દુઃખમતા કહો."

શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૮૨

શ્રીમદ્ રાજચંદ્રને પારખવા એમનો આ 'Struggle' આયાસ' સમજવો જરૂરનો છે, એ કેવળ શ્રદ્ધાના ઉપર ઉપરના પગથિયે ચઢી થયેલા જ્ઞાની નથી. સ્વેચ્છાએ ચાલતી બુદ્ધિ જ્યાં લઈ જાય ત્યાં નિર્ભયપણે જવું. જે ખાડામાં ઊતારે ત્યાં ઊતરવું. જે ઝેર પાય તે પી લેવું. પણ સત્યની શોધ ચાલુ રાખવી અને એ શોધમાંથી જે અમૃત મળે તે ઓળખવું અને ચાખવું છતાં આગમના અનુભવો આપતા પૂર્વોપાર્જિત તરીકે જ્ઞાનમાં દેખાતા કર્મો કરવાં એનું મહાદુ.ખ અનુભવવું-અમૃત પામ્યા છતાં વિષને પીવાનું દુઃખ અનુભવવું. અને એમાંથી નીપજતી વેદનાની તીવ્રતા જીરવવી એ જે મહાનચિંતકો-મહાનજ્ઞાનીઓની 'સંપત્' છે તે શ્રીમદ્ રાજચંદ્રની હતી. પરમાત્માને પામવા કહો કે પરમાત્મ સ્વરૂપ થવા કહો આ દર્દ ગોખવું અને જીરવવું એ મહાયોગીઓની અવસ્થા છે ગ્રંથિઓને તોડવા આ દર્દ જોવું પડે છે એ પછી જ નિર્ગ્રંથ થવાતું હશે!

નવું નવું જાણવાનો સુયોગ મને પ્રાપ્ત થયા કરતો. આ રીતે શ્રીમદ્ રાજચંદ્ર વિષે મારા દિલમાં આકર્ષણ વધતું જતું હતું.

મારા પિતાશ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજના એક આગેવાન હતા. ધર્મશાસ્ત્રોના બહુ મોટા અભ્યાસી હતા. તે વખતના શ્વેતાંબર સંપ્રદાયના પ્રમુખ આચાર્યો અને સાધુમુનિરાજોના ગાઢ સંપર્કમાં તેઓ રહેતા. હું પણ [illegible] મારા પિતાશ્રી સાથે આ સાધુમુનિરાજો પાસે જતો અને તેમની વાતો સાંભળતો. મારા પિતાશ્રી શ્રીમદ્ રાજચંદ્રના પૂર્વપરિચિત હતા અને તેમના વિષે [illegible] ધરાવતા હતા. આ સાધુમુનિરાજો અવાર-નવાર શ્રીમદ્ રાજચંદ્રનાં લખાણોની ખૂબ ટીકા કરતા અને તેમના [illegible] તે વિચારો ધર્મશાસ્ત્રોની અથવા તો [illegible] વિરુદ્ધ છે તે તારવી તારવીને [illegible] વ્યક્તિઓ સમક્ષ ધરતા [illegible] જ સાધુમુનિ-[illegible] દિવસો માં [illegible] અને [illegible]

[illegible]

પોતાના અનુયાયીઓ સમક્ષ આગળ ધરવામાં તેઓ એક પ્રકારનો રસ દાખવતા માલુમ પડે છે. આવી તેમની મનોદશા શ્રીમદ્ રાજચંદ્ર જેવા મહાપુરુષોનાં સાચાં મૂલ્યાંકનથી તેમને સદાને માટે વંચિત રાખે છે.

આ ચર્ચાના સંદર્ભમાં બીજી પણ એ હકીકત ધ્યાનમાં લેવી ઘટે છે કે શ્રીમદ્ રાજચંદ્ર કેવળ શાસ્ત્રપંડિત નહોતા. તેમનું શાસ્ત્રજ્ઞાન અનેક આધ્યાત્મિક અનુભૂતિઓ અને પારદર્શક જીવનદર્શન ઉપર આધારિત હતું. તેઓ મૌલિક ચિંતક હતા. આવા પુરુષના લખાણો, બનવા જોગ છે કે આગમના–શાસ્ત્રોના શબ્દો સાથે કદાચ સોએ સો ટકા બંધ બેસતા ન હોય. આમ છતાં તેમનાં લખાણોમાં જૈન તત્ત્વનું આબેહૂબ નિરૂપણ હતું. જૈન ધર્મનો નીચોડ હતો. એમ કહેવામાં લેશ માત્ર અતિશયતા નથી.

આગામી કાર્તિક પૂર્ણિમા ઉપર શ્રીમદ્ રાજચંદ્રની જન્મભૂમિ વવાણિયા ખાતે તેમની જન્મશતાબ્દી ઉજવવામાં આવનાર છે. તે પ્રસંગે પ્રગટ કરવામાં આવનાર જન્મશતાબ્દી અંક માટે મારે કંઈક લખી મોકલવું એવો જન્મશતાબ્દી ઉજવનાર મિત્રોનો આગ્રહ થતાં શ્રી મુકુલભાઈ કલાર્થીએ લખેલ "શ્રીમદ્ રાજચંદ્ર : જીવન સાધના" હું બે વાર વાંચી ગયો અને આજ સુધીમાં શ્રીમદ્ વિષે ખૂબ સાંભળેલું અને છૂટું છવાયું વાંચેલું એ [illegible] આ સર્વ સંસ્કારોના પરિણામે શ્રીમદ્ના [illegible] વ્યક્તિત્વનું મને જે દર્શન થાય છે, તેનું શબ્દોમાં નિરૂપણ કરવું [illegible] લાગે છે. દુનિયામાં એવી [illegible] વિરલ મહાન વ્યક્તિઓ થઈ ગઈ છે, જેમણે [illegible] જીવનલીલાનો અનુભવ કરાવીને [illegible] દુનિયામાંથી વિદાય લીધી છે. ઈશુ [illegible] સ્વામી વિવેકાનંદ, શ્રીમદ્ [illegible] ૩૦ અને ૪૦ વર્ષના [illegible] એમ [illegible] તેમનું [illegible]

[illegible]

અધ્યાત્મવીર શ્રીમદ્ રાજચંદ્ર

ગુજરાતી ભાષાનું સદ્ભાગ્ય છે કે દોઢસો વરસના ગાળામાં એ ત્રણ મહાન ધર્મપુરુષો– શ્રી સ્વામીનારાયણ, શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીના ધર્માનુભવોનું વાહન બની છે.

શ્રીમદ્ રાજચંદ્રનું મોટા ભાગનું લખાણ પત્રરૂપનું છે, અથવા તો ડાયરીનોંધના રૂપનું છે. લખવા ખાતર લખેલું નથી. અવધાનની, સ્મૃતિની શક્તિ તો શુક્લ ખીલેલી હતી જ. કવિત્વશક્તિ પણ હતી. પોતે જેમ જેમ ધર્મજીવન જીવતા ગયા તેમ તેમ પોતાને સમજાતી આવતી નિતનિગૂઢ વિશેષ વર્ણન અવારનવાર તેઓથી થયું છે. અને તેવે પ્રસંગે ગુજરાતી ભાષાની અપરંપાર શક્તિના દર્શન થાય છે. શ્રીમદની કલમમાં ગહન ધર્માનુભૂતિને તત્ત્વતઃ શબ્દબદ્ધ કરવામાં ગુજરાતી ભાષા સમર્થ નીવડે છે. શ્રીમદ મનુષ્યજીવનને કેટલા ઊંડાણથી જુએ છે, તેની વાક્યરચના જણાવે છે તે એમના ઉદ્ગારો પ્રગટ કરી દે છે. શ્રીમદ્ રાજચંદ્રનું ગદ્ય એ રીતે અત્યંત સમૃદ્ધ એવા ગુજરાતી ગદ્યના ઇતિહાસમાં એક સીમાસ્તંભરૂપ છે.

"તત્ત્વજ્ઞાનની ઊંડી ગુફાના દર્શન કરવા જઈએ તો ત્યાં નેપથ્યમાથી એવો ધ્વનિ જ નીકળશે કે–તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? કેમ આવ્યા છો ? તમારી સમીપ આ સઘળું શું છે ? તમારી તમને પ્રતીતિ છે ? એવા અનેક પ્રશ્નો હૃદયમા તે ધ્વનિથી પ્રવેશ કરશે, અને એ પ્રશ્નોથી જ્યાં આત્મા ઘેરાયો ત્યા પછી બીજા વિચારોને બહુ જ થોડો અવકાશ રહેશે...એ જ વિચારોના મનનથી અનતકાળનુ મુંઝન ટળવાનું છે."

ગુફા, તેનું નેપથ્ય, તેમાંથી પ્રગટતો ધ્વનિ, આત્માનું પ્રશ્નો વડે ઘેરાવું—આ બધાં ચિત્રો આખા વર્ણનને જીવંત કરી મૂકે છે.

એ તત્ત્વજ્ઞાનગુફાના નિવાસને પોતે 'પૂર્ણાહ્‌લાદકર,' 'હૃદયમય' માન્યો છે.

એ સત્વરે શક્ય નથી તેની વેદના એમના સહૃદય ઉદ્‌ગારોમાં રણકે છે. અને નિશ્ચયબુદ્ધિ જામી છે તેનો આનંદ પણ અછતો રહેતો નથી.

"પરંતુ કાળની કઠિનતા છે, ભાગ્યની મદતા છે; સંતોની કૃપાદષ્ટિ દષ્ટિગોચર નથી; સત્સગની ખામી છે. તો પણ તે ક્રમનું બીજ હૃદયમાં અવશ્ય રોપાયુ છે. અને એ જ સુખકર થયુ છે. સૃષ્ટિના રાજથી જે સુખ મળવા આશા નહોતી, તેમ જ કોઈ પણ રીતે ગમે તેવા ઔષધથી, સાધનથી, સ્ત્રીથી, પુત્રથી, મિત્રથી કે બીજા અનેક ઉપચારથી જે અતરશાતિ થવાની નહોતી, તે થઈ છે નિરતરની–ભવિષ્યકાળની–ભીતિ ગઈ છે ..."

હજી પ્રવૃત્તિ છૂટી શકી નથી, પણ કેટલી હદનો આનંદ પોતે અનુભવી રહે છે તેનું વર્ણન એક વાગ્મિતાયુક્ત ગદ્યકંડિકામાં આપણને સાંપડે છે:

"રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનુ જ મનન રહે છે. આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે, અધિક શું કહેવું ? હાડ, માંસ અને તેની મજ્જાને એક જ એ જ રગનું રંગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે અને તેને લીધે નથી કાંઈ જોવુ ગમતું, નથી કંઈ સૂંઘવુ ગમતુ, નથી કઈ સાંભળવુ ગમતું, નથી કાંઈ ચાખવું ગમતું કે નથી કાંઈ સ્પર્શવું ગમતુ, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતુ કે નથી ઊઠવુ ગમતુ, નથી સૂવું ગમતુ કે નથી જાગવુ ગમતુ, નથી ખાવુ ગમતું કે નથી ભૂખ્યું ગમતુ, નથી અસગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી, એમ છે. તથાપિ તે પ્રત્યે આશાનિરાશા કંઈ જ ઊગતુ જણાતું નથી. તે હો તો પણ ભલે અને ન હો તો પણ ભલે એ કઈ દુઃખનાં કારણ નથી દુઃખનાં કારણ માત્ર વિષમાત્મા છે, અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે, એ વૃત્તિને લીધે સમાધિ રહે છે. તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી, દેહભાવ દેખાડવો પાલવતો નથી, આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલીક અંતરાય છે. ત્યારે હવે કેમ કરવું ? કયા પર્વતની ગુફામા જવુ, અને અલોપ થઈ જવુ, એ જ રટાય છે. તથાપિ બહારથી અમુક સસારી પ્રવૃત્તિ કરવી પડે છે. તે માટે શોક તો નથી. તથાપિ સહન કરવા જીવ ઇચ્છતો નથી પરમાનંદ ત્યાગી એને ઇચ્છે પણ કેમ ?"

સાધના એમને 'નિઃશંકપણાની, નિર્ભય પણાની, નિર્મુઝણપણાની અને નિસ્પૃહપણાની' પ્રાપ્તિ 'ઘણે અંશે' કરાવે છે. 'એથીએ અલૌકિક દશાની ઇચ્છા રહે છે' એમ પોતે કહે છે પણ પ્રવૃત્તિમાંયે સાક્ષીભાવ કેવો છે તે દર્શાવતાં નોંધે છે:

"નિવૃત્તિ વિના અહીં બીજુ બધુંય લાગે છે.

જગતને, જગતની લીલાને બેઠાબેઠા મફતમાં જોઈએ છીએ"

નિરંતર રટણા તો 'અલખ લે' માં સમાઈ જવાની છે. ભક્તિને પોતે શ્રેષ્ઠ સાધન માને છે. "ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે." "પ્રેમભક્તિમય જ રહીએ" એવી ઝંખના પોતે સેવે છે. એવી સ્થિતિએ પોતે પહોંચે પણ છે, એનું વર્ણન ગોપી માધવ વેચવા નીકળવાની ભાગવતની કથાના એમના અપૂર્વ સુંદર અર્થ-ઘટનમાં મળે છે :

"આજનાં પ્રભાતથી નિરંજનદેવની અદ્‌ભુત અનુગ્રહતા પ્રકાશી છે; આજે ઘણા દિવસ થયા ઇચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમ રૂપમાં ઉદય પામી છે ગોપીઓ ભગવાન વાસુદેવ(કૃષ્ણચંદ્ર)ને મહીની મટુકીમા નાખી વેચવા નીકળી હતી; એવી એક શ્રીમદ્ ભાગવતમાં કથા છે; તે પ્રસંગ આજે બહુ સ્મરણમા રહ્યો છે અમૃત પ્રવહે છે ત્યા સહસ્રદળ કમળ છે, એ મહીની મટુકી છે; અને આદિ પુરુષ તેમાં વિરાજમાન છે તે ભગવંત વાસુદેવ છે તેની પ્રાપ્તિ સત્પુરુષની ચિત્તવૃત્તિરૂપ ગોપીને થતાં તે ઉલ્લાસમાં આવી જઈ બીજા કોઈ મુમુક્ષુ આત્મા પ્રત્યે 'કોઈ માધવ લ્યો, હા રે કોઈ માધવ લ્યો, એમ કહે છે, અર્થાત્ તે વૃત્તિ કહે છે કે આદિપુરુષની અમને પ્રાપ્તિ થઈ અને એ એક જ પ્રાપ્ત કરવા યોગ્ય છે, બીજુ કશુય પ્રાપ્ત કરવા યોગ્ય નથી, માટે તમે પ્રાપ્ત કરો ઉલ્લાસમાં ફરીફરી કહે છે કે તમે તે પુરાણ પુરુષને પ્રાપ્ત કરો; અને જો તે પ્રાપ્તિને અચળ પ્રેમથી ઇચ્છો તો અમે તમને એ આદિપુરુષ આપી દઈએ. મટુકીમા નાખીને વેચવા નીકળ્યા છીએ, ગ્રાહક દેખી આપી દઈએ છીએ. કોઈ ગ્રાહક થાઓ, અચળ પ્રેમે કોઈ ગ્રાહક થાઓ, વાસુદેવની પ્રાપ્તિ કરાવીએ. મટુકીમાં નાખીને વેચવા નીકળ્યાનો અર્થ સહસ્રદળકમળમાં અમને વાસુદેવ ભગવાન મળ્યા છે મહીનુ નામ માત્ર છે, આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવ ભગવાન જ મહી નીકળે છે એવું સૂક્ષ્મ સ્વરૂપ તે સ્થૂળ કરી વ્યાસજીએ અદ્‌ભુત ભક્તિને ગાઈ છે. આ વાત અને આખું ભાગવત એ એકને જ પ્રાપ્ત કરાવવા માટે અક્ષરેઅક્ષર ભરપૂર છે, અને તે અમને ઘણા કાળ થયા પહેલા સમજાયુ છે. આજે અતિ સ્મરણમાં છે. કારણકે સાક્ષાત્ અનુભવપ્રાપ્તિ છે, અને એને લીધે આજની પરમ અદ્‌ભુત દશા છે એવી દશાથી જીવ ઉન્મત્ત પણ થઈ ગયા વિના રહેશે નહીં; અને વાસુદેવ હરિ ચાહીને કેટલોક વખત વળી અંતર્ધ્યાન પણ થઈ જાય એવા લક્ષણના ધારક છે; માટે અમે અસંગતાને ઇચ્છીએ છીએ"

હા, અસંગદશા, વીતરાગદશા એ શ્રીમદનો પરમ આદર્શ છે અને એ સિદ્ધ કરવામાં એમની કડક આત્મનિરીક્ષણદૃષ્ટિને કાંઈ ને કાંઈ ઊણપ વરતાયાં જ કરે છે.

"હજી અમારી પ્રસન્નતા મારા ઉપર થતી નથી; કારણ કે જેવી જોઈએ તેવી અસંગદશાથી વર્તાતું નથી." પોતે વાર્તાલાપમાં–પત્રાલાપમા 'અમે'થી પોતાનો ઉલ્લેખ કરતા તે વિશે કોઈએ ઉંકારો કરેલો, ત્યારે 'અન્+અહે' એટલે મે' (હું) નો અભાવ તે અમે એવો અર્થ સમજાવ્યો હતો. ઉપરના વાક્યમાં પોતાનાં બે રૂપો વિશે 'અમારી' (અભિમાનરહિતરૂપની) અને 'મારી' (અભિમાનયુક્તરૂપની) એ રીતે ઉલ્લેખ થયો છે.

વીતરાગપણાની કસોટીએ કસી જોતાં પોતાને હજી પ્રાપ્તવ્ય શેષ રહ્યું છે એમ તેઓ જુએ છે :

"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો?"

આથી તેઓ કહે છે; "મારા મનમાં એમ રહે છે કે વેદોક્ત ધર્મ પ્રકાશવો અથવા સ્થાપવો હોય તો મારી દશા યથાયોગ્ય છે, પણ જિનોક્ત માર્ગ સ્થાપવો હોય તો હજુ તેટલી યોગ્યતા નથી: તો પણ વિશેષ યોગ્યતા છે, એમ લાગે છે". સાધનાના આરંભકાળે, વીસ-બાવીસની ઉંમરે પોતે નક્કી કર્યું હતું કે આ કે તે સંપ્રદાય કરતાં પર એવી ધર્મદૃષ્ટિ લોકોમાં પ્રેરવી : "દુનિયા (મા) મતભેદના બંધનથી તત્ત્વ પામી શકતા નથી. સાચું સુખ અને સત્ય આનંદ તેઓમાં નથી. તે સ્થાપના થવા એક ખરો ધર્મ ચલાવવા માટે આત્માએ ઝંપલાવ્યુ છે." અઠાવીસમા વરસે જૈનમાર્ગ વિશે કહે છે; "જૈનમાર્ગ પોતે જ સમજવો તથા સમજાવવો કઠણ છે. સમજાવતાં આડાં કારણ આવીને ઘણાં ઊભાં રહે તેવી સ્થિતિ છે, એટલે તેવી પ્રવૃત્તિ કરતાં ડર લાગે છે". તેની સાથે એમ પણ કહે છે કે "જો આ કાર્ય આ કાળમાં અમારાથી કંઈ પણ બને તો બની શકે."

છતાં પોતાની પરિસ્થિતિ જોઈને, એકંદરે, ધર્મ-સ્થાપનાનું કાર્ય પોતાને માટે તેઓ સંભવિત જોતા નથી. "ધર્મ સ્થાપવાનું માન મોટું છે. તેની સ્પૃહાથી પણ વખતે આવી વૃત્તિ રહે; પણ આત્માને ઘણીવાર તાવી જોતાં તે સંભવ હવેની દશામા ઓછો જ દેખાય છે."

ગુરુપણું દર્શિત કરવાની પણ પોતે ઇચ્છા રાખતા નથી. લખે છે : "અમારા સંબંધી જેમ બને તેમ બીજા જીવો પ્રત્યે ઓછી વાત કરવી." વળી કહે છે: "લોકોને અંદેશો પડે એવી જાતનો બાહ્ય વ્યવહારનો ઉદય છે અને તેવા વ્યવહાર સાથે બળવાન નિર્ગ્રંથ પુરુષ જેવો ઉપદેશ કરવો તે, માર્ગનો વિરોધ કરવા જેવું છે"

વ્યાવહારિક પ્રવૃત્તિમાંથી પોતાના ૩૩ વરસ જેટલા ટૂંકા આયુષ્યકાળમાં તેઓ મુક્ત ન થઈ શક્યા એ મર્યાદા વચ્ચે—એ મર્યાદા છતાં, બલકે એ મર્યાદાના બળે એમણે આત્મવિકાસ સાધ્યો છે.—

"જે કંઈ પૂર્વે નિબંધન કરવામા આવ્યાં છે તે કર્મો નિવૃત્ત થવા અર્થે, ભોગવી લેવા અર્થે, થોડા કાળમા ભોગવી લેવાને અર્થે આ વેપાર નામનુ વ્યાવહારિક કામ બીજાને અર્થે સેવીએ છીએ.. બને તેટલુ મજૂરી જેવુ કામ પણ કર્યાનુ રાખ્યુ છે."

"જે કંઈ ઉપાધિ કરાય છે, તે કંઈ સ્વપણાને કારણે કરવામાં આવતી નથી; તેમ કરાતી નથી. જે કારણે કરાય છે, તે કારણ અનુક્રમે વેદવા યોગ્ય એવુ પ્રારબ્ધકર્મ છે, જે કંઈ ઉદય આવે તે અવિસવાદ પરિણામે વેદવુ એવું જે જ્ઞાનીનું બોધન છે તે, અમારે વિશે નિશ્ચળ છે, એટલે તે પ્રકારે વેદીએ છીએ"

"હરિઇચ્છા સુખદાયક માનીએ છીએ, એટલે જે ઉપાધિયોગ વર્તે છે, તેને પણ સમાધિયોગ માનીએ છીએ."*

---

* આ વચન ઉપરથી મે 'બાલ રાહુલ' કાવ્યમાં બુદ્ધ ભગવાનના મુખમા નીચેની ઉક્તિ મૂકી છે :
જે જે થતો પ્રાપ્ત ઉપાધિયોગ,
બની રહો તે જ સમાધિયોગ

" ચિત્તને વિશે જેવુ આ ઉપાધિયોગ આરાધીએ છીએ, ત્યારથી મુક્તપણું વર્તે છે, તેવુ મુક્તપણું અનુપાધિ પ્રસંગમાં પણ વર્તતું નહોતુ; એવી નિશ્ચયદશા...એક ધારાએ વર્તી આવી છે. "

પોતે સંસારમાં છે તે દશાને માટે એમની કલમમાંથી અત્યંત ઉચિત વર્ણન ટપકેલું છે :

" વધારે શું કહેવું ? 'વનની મારી કોયલ'ની કહેવત પ્રમાણે આ કાળમા અને આ પ્રવૃત્તિમા છીએ. "

પોતાનો આશય પોતાની આગળ સ્પષ્ટ કરેલો છે. " વિચારવાન પુરુષને કેવળ કલેશરૂપે ભાસે છે એવો આ સંસાર તેને વિશે હવે ફરી આત્મભાવે જન્મવાની નિશ્ચળ પ્રતિજ્ઞા છે." ઉપ-યોગ(એપ્લિકેશન)માં શિથિલતા જણાતા વિહ્વળતા વધે છે. " આત્મોપયોગ કોઈ પ્રસંગે અપ્રધાનપણું ભજતો જોવામાં આવે છે, અને તે પ્રસગે મૃત્યુના શોકથી અત્યંત અધિક શોક થાય છે, એમ નિઃસંદેહ છે. "

જગત પ્રત્યેની ઉદાસીનતા હૃદયમાં ઠીકઠીક જામેલી છે : " ઉદયકાળ પ્રમાણે વર્તીએ છીએ. કવચિત્ મનોયોગને લીધે ઈચ્છા ઉત્પન્ન હો તો ભિન્ન વાત પણ અમને તો એમ લાગે છે કે જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીન ભાવ વર્તે છે. તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત્ છે અને પરમાત્માની વિભૂતિરૂપે અમારું ભક્તિ-ધામ છે. " છેલ્લો વાકયાંશ શ્રીમદની અધ્યાત્મ-વિવેક ભરી દૃષ્ટિનો પરિચય કરાવે છે જગત મમતાથી ભરીએ તો તરણાની તોલે પણ નથી, પણ ભગવાનથી સભરે ભરેલું જોઈએ ત્યાં એની સમૃદ્ધિનો કોઈ પાર નથી

નિરંતર એવું ભગવાનથી સભરે ભરેલું જગત અનુભવાતું નથી તેથી તેઓ ચીસ નાખે છેઃ " કયાય સાતું નથી, અર્થાત્ મન વિશ્રાંતિ પામતું નથી. " " જગતમાં સાતું નથી, તથાપિ કરેલાં કર્મ નિર્જરવાનુ છે એટલે ઉપાય નથી."

તીવ્ર સાધનાક્રમે અંતરંગ અદ્દભુત પ્રસન્ન દશા છે અને તે છતાં તેની ઉપર નિર્વેદની આછી સરખી ઝાંય પણ છે.

"હરિકૃપાથી અમે પરમ પ્રસન્ન છીએ...એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતુ નથી, અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી.. .અમે દેહધારી છીએ કે કેમ તે સભારીએ ત્યારે માડ જાણીએ છીએ...હૃદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયુ છે; પાંચે ઇન્દ્રિયો શૂન્યપણે પ્રવર્તવારૂપ જ રહે છે .એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે ...આદિપુરુષને વિશે અખંડપ્રેમ સિવાય બીજા મોક્ષાદિક પદાર્થોમાની આકાક્ષનો ભગ થઈ ગયો છે; આટલું બધું છતા મનમાનતી ઉદાસીનતા નથી એમ માનીએ છીએ; અખડપ્રેમ ખુમારી જેવી પ્રવહવી જોઈએ તેવી પ્રવહતી નથી, એમ જાણીએ છીએ, આમ કરવાથી તે અખંડખુમારી પ્રવહે એમ નિશ્ચલપણે જાણીએ છીએ, પણ તે કરવામા કાળ કારણભૂત થઈ પડ્યો છે અને એ સર્વનો દોષ અમને છે કે હરિને છે એવો ચોક્કસ નિશ્ચય કરી શકાતો નથી "

અને હરિ-ઇચ્છાનુ જ કારણ છેવટે જુએ છે :

"એ સિદ્ધાન્તજ્ઞાન અમારા હૃદયને વિશે આવારતરૂપે પડયુ છે હરિઇચ્છા જો પ્રગટ થવા દેવાની હશે તો થશે અમારો દેશ હરિ છે, જાત હરિ છે, કાળ હરિ છે, દેહ હરિ છે, રૂપ હરિ છે, નામ હરિ છે, દિશા હરિ છે, સર્વ હરિ છે, અને તેમ છતા આમ વહીવટમા છીએ એ એની ઇચ્છાનુ કારણ છે."

અખંડ પ્રેમખુમારી, અખંડ હરિરસ, પામવા જીવ વલખે છે.

મહાત્મા વ્યાસજીને જેમ થયુ હતુ તેમ અમને હમણા વર્તે છે. આત્મદર્શન પામ્યા છતા પણ વ્યાસજી આનંદસંપન્ન થયા નહોતા, કારણ કે હરિરસ અખંડપણે ગાયો નહોતો. અમને પણ એમ જ છે. અખંડ એવો હરિરસ પરમ પ્રેમે અખંડપણે અનુભવતા હજુ કયાથી આવડે ? અને જ્યાં સુધી તેમ નહિ થાય ત્યા સુધી અમને જગતમાની વસ્તુનું એક અણુ પણ ગમવું નથી."

શ્રીમદ્ ભાગવતમાંની ગોપાંગનાની સ્થિતિ સાંભર્યા કરે છેઃ "એવું ઉન્મત્તપણું પરમાત્માને પામવાનુ પરમદ્વાર છે; એ દશા વિદેહી હતી. ભરતજીને હરણના સંગથી જન્મની વૃદ્ધિ થઈ હતી; અને તેથી જડભારતના ભવમાં અસંગ રહ્યા હતા; એવા કારણથી મને પણ અસંગતા બહુ જ સાભરી આવે છે, અને કેટલીક વખત તો એવું થઈ જાય છે કે તે અસંગતા વિના પરમ દુઃખ થાય છે."

સદેહે વીતરાગપણું એ એમનો પરમોચ્ચ આદર્શ છે. એ જ અખંડ પ્રેમખુમારી કે અખંડ હરિરસનો અનુભવ કરાવી શકે એમ છે. "દેહ છતા મનુષ્ય પૂર્ણ વીતરાગ થઈ શકે એવો અમારો નિશ્ચલ અનુભવ છે....અત્યંત વિકટ એવું વીતરાગત્વ અત્યંત આશ્ચર્યકારક છે, તથાપિ તે સ્થિતિ પ્રાપ્ત થાય છે... સદેહે તેમ થયા વિના અમને ઉદાસીનતા મટે એમ જણાતું નથી અને તેમ થવું સંભવિત છે, જરૂર એમ જ છે."

મહાત્મા ગાંધીજીને અનાસક્ત કર્મયોગ સાંપડ્યો એવું શ્રીમદ્ રાજચંદ્રની બાબતમાં બનવા પામે તે પૂર્વે એમનું અવસાન થયું. આવા આત્મસાધકોનાં પોતાને મૂલવવાનાં ધોરણ અત્યંત કડક હોય, વંચનાના ભોગ તો પોતે બને જ નહીં. શ્રીમદ્ પોતાના અત્યંત વિકસિત આધ્યાત્મિક રૂપથી પૂરા વાકેફ છે તો પોતમાં હજી ટકી રહેલી મર્યાદાઓથી પણ સભાન છેઃ

'તેથી દેહ એક જ ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ' –એમ હજી સ્વદેશ (આત્માના દેશમાં) પહોંચાય તે પહેલાં એક મનુષ્યજન્મ વીતાવવો પડશે એમ પોતાને વિશે શ્રીમદ્ રાજચંદ્ર જેવા અધ્યાત્મપુરુષ કહે ત્યારે આધ્યાત્મિક વિકાસની પરિપૂર્ણતા એ કેવી કપરી વસ્તુ છે તેનુ માપ મળે છે.

શ્રીમદના શબ્દોનું સેવન કરીએ છીએ ત્યારે એક મહાન ગભીર આત્માનો ખળભળાટ સંભળાય છે–અને તે સાથે જ આત્મદર્શનની પૂર્ણ પૂર્ણિમાની કૌમુદી નીચે શાતાભર્યા લહેરાતા ચિત્તપારાવારનો પણ અણસારો મળે છે.

આબુ : ૨૫-૧૦-૧૯૬૭

પાપી પરમ અનાથ છુ ગ્રહો પ્રભુજી હાથ.

નિષ્કારણ કરુણા



શ્રીમદ્ રાજચંદ્ર
પત્રાંક ૬૮૦

ૐ

જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો?

હે કૃપાળુ! તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે ત્યાં હવે તો લેવા દેવાની પણ કડાકૂટથી છૂટા થયા છીએ અને એ જ અમારો પરમાનંદ છે.

કલ્યાણના માર્ગને અને પરમાર્થસ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો. પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી, વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.

વર્તમાને વિદ્યમાન વીરને ભૂલી જઈ, ભૂતકાળની ભ્રમણામાં વીરને શોધવા માટે અથડાતા જીવોને શ્રી મહાવીરનું દર્શન ક્યાંથી થાય?

એ દુષમકાળના દુર્ભાગી જીવો! ભૂતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા મહાવીરને શરણે આવો એટલે તમારું શ્રેય જ છે.

સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઇચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ.

મુમુક્ષુજીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ. વધારે શું કહેવું? આ વિષમ કાળમાં પરમશાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમ કે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.

આ અંતર અનુભવ પરમાત્મા પણાની માન્યતાના અભિમાનથી ઉદ્‌ભવેલો લખ્યો નથી, પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદય ચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે.

૧૯૫૨, ચૈત્ર સુદ ૧૩ — ૐ શ્રી મહાવીર (અંગત)

પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય

અપૂર્વ અવસર



શ્રીમદ્ રાજચંદ્ર

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશુ બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબધનુ બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશુ કવ મહત્‌પુરુષને પંથ જો. અ. ૧

સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશુ કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અ. ૨

દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો,
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્ત્તે એવું શુદ્ધસ્વરૂપનુ ધ્યાન જો. અ. ૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અ. ૪

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો,
તો પણ ક્ષણક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો અ. ૫

પંચ વિષયમા રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો,
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અ. ૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનુ માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષીભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અ ૭

બહુ ઉપસર્ગકર્ત્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અ. ૮

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો,
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અ. ૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો,
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અ. ૧૦

એકાકી વિચરતો વળી સ્મશાનમા,
વળી પર્વતમા વાઘ સિંહ સંયોગ જો,
અડોલ આસન, ને મનમા નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અ. ૧૧

ઘોર તપશ્ચર્યામા પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો,
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો. અ ૧૨

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવુ ત્યા જ્યા કરણ અપૂર્વ ભાવ જો,
શ્રેણી ક્ષપક તણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો અ. ૧૩

મોહસ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો,
અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવુ નિજ કેવલજ્ઞાન નિધાન જો અ. ૧૪

નહિ એકે સદ્ગુણ પણ, મુખ બતાવુ શુય ?

ધન્ય રે દિવસ — શ્રીમદ્ રાજચંદ્ર

ધન્ય રે દિવસ આ અહો,
જાગી રે શાંતિ અપૂર્વ રે,
દશ વર્ષે રે ધારા ઉલસી,
મટયો ઉદયકર્મનો ગર્વ રે. ધન્ય ૧

ઓગણીસસે ને એકત્રીસે,
આવ્યો અપૂર્વ અનુસાર રે,
આગણીસસે ને બેતાલીસે,
અદ્ભુત વૈરાગ્ય ધાર રે ધન્ય ૨

ઓગણીસસેં ને સુડતાલીસે,
સમકિત શુદ્ધ પ્રકાશ્યુ રે,
શ્રુત અનુભવ વધતી દશા,
નિજ સ્વરૂપ અવભાસ્યું રે. ધન્ય ૩

ત્યાં આવ્યો રે ઉદય કારમો,
પરિગ્રહ કાર્ય પ્રપચ રે;
જેમ જેમ તે હડસેલીએ,
તેમ વધે ન ઘટે રંચ રે. ધન્ય. ૪

વધતું એમ જ ચાલિયુ,
હવે દીસે ક્ષીણ કાંઈ રે;
ક્રમે કરીને રે તે જશે,
એમ ભાસે મનમાંહી રે. ધન્ય. ૫

યથાહેતુ જે ચિત્તનો,
સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી,
એમ થયો નિરધાર રે. ધન્ય. ૬

આવી અપૂર્વ વૃત્તિ અહો,
થશે અપ્રમત યોગ રે,
કેવળ લગભગ ભૂમિકા,
સ્પર્શીને દેહ વિયોગ રે. ધન્ય ૭

અવશ્ય કર્મનો ભોગ છે,
ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને,
જાશુ સ્વરૂપ સ્વદેશ રે ધન્ય. ૮

વવાણિયા ફા વદ ૧૨, ૧૯૫૩

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવના બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અ. ૧૫

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો. અ. ૧૬

મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલસંબંધ જો;
એવુ અયોગી ગુણસ્થાનક ત્યા વર્તતુ,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અ. ૧૭

એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ અમૂર્ત સહજપદરૂપ જો. અ. ૧૮

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અ. ૧૯

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો,
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શુ કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો અ. ૨૦

એહ પરમપદ પ્રાપ્તિનુ કર્યુ ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો,
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશુ તે જ સ્વરૂપ જો. અ, ૨૧

મું. કા ૧૯૫૩

કોટી વર્ષનુ સ્વપ્ન પણ, જાગૃત થતા સમાય.

આ અંકમાં

ફોટાઓ :

પાન ૮ ને ૯ વચ્ચે. ૭ પાન.

શ્રીમદ્ રાજચંદ્રની જુદી જુદી અવસ્થાઓ તથા હસ્તાક્ષરો

પાન ૫૬ ને ૫૭ વચ્ચે. આઠ પાન.

શ્રીમદ્ રાજચંદ્રજી; શ્રી લઘુરાજ સ્વામીજી; મહાત્મા ગાંધીજી; શ્રી પોપટલાલભાઈ; શ્રી સોમચંદ મહાસુખરામ શાહ (વિદ્યમાન) શ્રી રાજચંદ્રજીના પ્રત્યક્ષ સમાગમી તથા આ શ્રીમદ્ રાજચંદ્ર જન્મ શતાબ્દી મંડળની ઓફીસ:– પંચભાઈની પોળ, અમદાવાદ.

પાન ૮૦ ને ૮૧ વચ્ચે. આઠ પાન.

શ્રીમદ્ રાજચંદ્રના ભક્તવૃંદ તથા પરિવાર

પાન ૧૯૨ ને ૧૯૩ વચ્ચે પાન બાર


શ્રીમદ્ રાજચંદ્ર સ્મારકો તથા ઈડર પર સાત મુનિયો.

અવતરણો :

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતમાંથી સુવિચારર્થે.

પૃષ્ઠ	પત્રાંકમાથી	પૃષ્ઠ	પત્રાંકમાથી
મુખપૃષ્ઠ	૬૭૪	૫૬	૧૯૪
૨	હાથ નોંધ ૩/૨૩	૭૯	૨૭૪
૪	૨૪૭	૮૩	૪૭
૨	૧૩૦	૮૪	૫૨
૭	૫૬૯ અને આત્મસિદ્ધિ ગાથા	૯૨	૮૨૫
૧૮	૨૦૯	૯૯	૮૧૬
૧૯	અપૂર્વ અવસરમાથી	૧૦૦	૪૭
૩૪	૫૩૦	૧૦૫	૮૧૭
૩૮	મોક્ષમાળા પાઠ ૩૦	૧૧૦	૮૧૬
૫૩	૧૯૬	૧૩૮	૮૩૨
૫૪	૪૧૬	૧૫૨	૧૧૩

કામ એક આત્માર્થનુ, બીજો નહી મન રોગ.



શ્રીમદ્ રાજચંદ્ર

વર્ષ ૩૨

સં. ૧૯૫૬



શ્રીમદ્ રાજચંદ્ર
વર્ષ ૨૪
સં ૧૯૪૮



શ્રીમદ્ રાજચંદ્ર
વર્ષ ૨૪
સં. ૧૯૪૮

बिहार रिलीफ कमिटि, (गुजरात)

कैम्प हरदत्ता पो०-अम्बा भाया औरंगाबाद (गया)

ता० ... ... १६

આત્મજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજી

ભારત દેશના આત્મારામી રત્ન થઈ ગયેલા જે વિરલ પુરુષો થઈ ગયા એમાં શ્રીમદ્ રાજચંદ્રજીનું સ્થાન આગળનું હતું. નાની વયથી એમણે આત્મા વિષે એવો અનુભવ કર્યો હતો કે આત્મજ્ઞાન વિષેનું ઘણું એમણે નિશ્ચિત કર્યું હતું. આથી એમણે એવી સાધના કરી કે તેઓ શ્રી ગાંધીજી વગેરેની હરોળમાં ઘણું નાની વયે પહોંચી ગયેલા.

આવા મહાપુરુષની આપ સૌ શતાબ્દિ ઉજવો છો એવે વખતે હું તો શું કહું? હું એમને ભક્તિભાવે વંદન કરું છું અને એમણે ચીંધેલ માર્ગે યથાશક્તિ ચાલવાની પ્રેરણા મળે એવી પ્રાર્થના કરું છું.

લિ. રવિશંકર મહારાજ
ના પ્રણામ

પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં

"Girija"
30 Edward Elliot Road,
Mylapore, Madras-4

July 16, 1967.

Dear Shri Shah,

I remember Gandhiji's reference to Shrimad Rajchandra. I accept with thanks the books you have sent me.


Yours sincerely,

S Radhakrishnan

(S.Radhakrishnan)

Shri S.C. Shah,
President, Publication Committee,
Shrimad Rajchandra Janma Shatabdi Mandal,
Dandia Bazar, Baroda-1.

નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું.



राष्ट्रपति भवन, नई दिल्ली-4
RASHTRAPATI BHAVAN,
NEW DELHI-4

July 20, 1967.

I am glad to know that the centenary of the birth of Shrimad Rajchandra will be celebrated in November, 1967. I send my best wishes for the success of the celebrations.

Zakir Husain

જ્યાં રાગ અને વળી દ્વેષ, ત્યાં સર્વદા માનો ક્લેશ

પ્રભુ પ્રત્યે દીનત્વ–
ભક્તિ રહસ્ય

શ્રીમદ્ રાજચંદ્ર

(દોહરા)

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ? ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી,
આપતણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩

જોગ નથી સત્સંગનો, નથી સત્ સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

'હું પામર શું કરી શકું?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ,
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ, ૬

અચલરૂપ આસક્તિ નહિ, નહીં, વિરહનો તાપ,
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજધર્મની, નહિ શુભ દેશે સ્થાન ૮

કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ,
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહીં ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહી. ૧૧

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય? ૧૩

કેવલ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનાનાથ;
પાપી પરમ અનાથ છું. ગ્રહો પ્રભુજી હાથ ૧૪

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન ૧૫

સંત-ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક,
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયા, રહ્યો ન કોઈ ઉપાય,
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય? ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ૧૯

પડી પડી તુજ પદપંકજે ફરીફરી માગું એજ;
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દેજ, ૨૦

રાળજ, ભા સુદ ૮, ૧૯૪૭

મિટે કલ્પના જલ્પના, તબ વસ્તુ તિન પાઈ

શતાબ્દી ઉલ્લાસ–ઊર્મિ

શ્રી રાવજીભાઈ છગનભાઈ દેસાઈ

આજ મારા મનમંદિરમા, રત્નોના મેહ વૂઠ્યા રે;
રાજ પ્રભુ અવની અવતરિયા, તત્ત્વામૃતરસ વરસ્યા રે...આજ. ૧

આનંદોર્મિ અતિ અતિ ઉલ્લસે, જનમન હર્ષ ન માય રે;
મુક્તિપુરીના સુભગ પ્રવાસી, પ્રમુદિત અતિ અતિ થાય રે ... આજ. ૨

ધન્ય ભૂમિ ભારત જળહળતી! ગૌરવવંતી ગાજે રે,
જગતપાવનકર જનમ્યા આજે, જન્મ શતાબ્દી રાજે રે... આજ. ૩

ઓગણીસો ચોવીશ કારતકની, શુભ પૂર્ણિમા સોહે રે;
દેવ દિવાળી જનહિતકારી, રાજચંદ્ર જગ મોહે રે... આજ ૪

પૂર્વ ભવો પ્રત્યક્ષ નિહાળ્યા, લઘુવયથી મહાજ્ઞાની રે,
ભવાબ્ધિથી ભવ્યો ઉદ્ધરવા, મહા સમર્થ સુકાની રે .. આજ. ૫

આત્મ અનુભવ જળહળ જ્યોતિ! પ્રતિભા શી ઉલ્લસંતી રે;
ભવ્યોના અજ્ઞાન તિમિરને હરવા, અતિ ઝલકંતી રે... આજ. ૬

અંતર્મગ્ન દશા મનોહારી! શાંત મૂર્તિ વૈરાગી રે;
શરીર છતા ય અશરીરી ભાવે,' રાજે અંતર્યાગી રે... આજ ૭

અદ્ભુત અમૃત રસ વરસંતી, વાણી ભવિજન હારે રે;
જન્મમરણ ભવતાપ નિવારે, સુખશાતી વિસ્તારે રે... આજ. ૮

શ્રી લઘુરાજ, સુભાગ્ય, જૂઠાભાઈ, અંબાલાલ સુભાગી રે;
સ્વરૂપદર્શન સહેજે પામ્યા, સહજાતમ લય લાગી ... આજ. ૯

સમ્યગ્દર્શન જ્ઞાન ચરણરૂપ, રત્નત્રય દર્શાવી રે;
બહુ ભવ્યોના કારજ સાર્યાં, કૃપા અતિ વરસાવી રે... આજ. ૧૦

કૃપા કૃપાળુ અમ પર કરજો, ઉર અંધારું હરજો રે;
સર્વ જગતનું શ્રેય કરી પ્રભુ, વિશ્વશાંતિ વિસ્તરજો રે ..આજ. ૧૧

સત્ય સનાતન શાશ્વત વસ્તુ, આત્મા ઘટ ઘટ ભાસે રે;
પ્રેમ પ્રીતિ તે પ્રત્યે જાગે, તું હિ તું હિ તત્ત્વ પ્રકાશે રે... આજ. ૧૨

સત્ય, અહિંસા, સમતા, ક્ષાંતિ, તત્ત્વદૃષ્ટિ ઉર ઉલ્લસે રે;
સત્ સુખ, સત્ શાંતિ, સૌ પામી, નિર્ભય નિજપદ વિલસે રે...
આજ. ૧૩

ચિંતામાં સમતા રહે તો તે આત્મચિંતન જેવી છે,

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત:

યથાર્થ સમત્વ

જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દૃષ્ટિ જગતના સર્વ આત્માને વિષે છે
જેવો સ્નેહ આ આત્મા પ્રત્યે છે, તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્તે છે.
જેવી આ આત્માની સહજાનંદ સ્થિતિ ઇચ્છીએ છીએ, તેવી જ સર્વ આત્મા પ્રત્યે ઇચ્છીએ છીએ.
જે જે આ આત્મા માટે ઇચ્છીએ છીએ, તે તે સર્વ આત્મા માટે ઇચ્છીએ છીએ
જેવો આ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ, તેવો જ સર્વ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ.
જેવો સર્વ દેહ પ્રત્યે વર્તવાનો પ્રકાર રાખીએ છીએ, તેવો જ આ દેહ પ્રત્યે પ્રકાર વર્તે છે.
આ દેહમા વિશેષબુદ્ધિ અને બીજા દેહ પ્રત્યે વિષમબુદ્ધિ ઘણુ કરીને કયારે ય થઈ સક્તી નથી.
જે સ્ત્રીઆદિનો સ્વપણે સંબંધ ગણાય છે, તે સ્ત્રીઆદિ પ્રત્યે જે કાંઈ સ્નેહાદિક છે, અથવા સમતા છે, તેવા જ પ્રાયે સર્વ પ્રત્યે વર્તે છે.
આત્મારૂપપણાના કાર્યે માત્ર પ્રવર્તન હોવાથી જગતના સર્વ પદાર્થ પ્રત્યે જેમ ઉદાસીનતા વર્તે છે, તેમ સ્વપણે ગણાતા સ્ત્રીઆદિ પદાર્થો પ્રત્યે વર્તે છે.
પ્રારબ્ધ પ્રબંધે સ્ત્રીઆદિ પ્રત્યે જે કંઈ ઉદય હોય તેથી વિશેષ વર્તના ઘણુ કરીને આત્માથી થતી નથી
કદાપી કરુણાથી કંઈ તેવી વિશેષ વર્તના થતી હોય તો તેવી તે જ ક્ષણે તેવા ઉદયપ્રતિબદ્ધ આત્માઓ પ્રત્યે વર્તે છે, અથવા સર્વ જગત પ્રત્યે વર્તે છે
કોઈ પ્રત્યે કંઈ વિશેષ કરવુ નહી, કે ન્યૂન કરવુ નહી; અને કરવુ તો તેવુ એકધારાનું વર્તન સર્વજગત પ્રત્યે કરવુ એવું જ્ઞાન આત્માને ઘણા કાળ થયા દૃઢ છે; નિશ્ચયસ્વરૂપ છે.
કોઈ સ્થળે ન્યૂનપણું, વિશેષપણ, કે કંઈ તેવી સમવિષમ ચેષ્ટાએ વર્તવું દેખાતુ હોય તો જરૂર તે આત્મસ્થિતિએ, આત્મબુદ્ધિએ થતુ નથી, એમ લાગે છે.
પૂર્વપ્રબંધી પ્રારબ્ધના યોગે કંઈ તેવું ઉદયભાવપણે થતુ હોય તો તેને વિષે પણ સમતા છે.
કોઈ પ્રત્યે ઓછાપણું, અધિકપણું કંઈ પણ આત્માને રુચતુ નથી. ત્યાં પછી બીજી અવસ્થાનો વિકલ્પ હોવા યોગ્ય નથી, એમ તમને શુ કહીએ ? સંક્ષેપમા લખ્યુ છે
સૌથી અભિન્નભાવના છે.
જેટલી યોગ્યતા જેની વર્તે છે, તે પ્રત્યે તેટલી અભિન્નભાવની સ્ફૂર્તિ થાય છે.
ક્વચિત્ કરુણાબુદ્ધિથી વિશેષ સ્ફૂર્તિ થાય છે; પણ વિષમપણાથી કે વિષય, પરિગ્રહાદિ કારણ પ્રત્યયથી તે પ્રત્યે વર્તવાનો કંઈ આત્મામા સંકલ્પ જણાતો નથી.
અવિકલ્પરૂપ સ્થિતિ છે વિશેષ શુ કહીએ ? અમારે કંઈ અમારુ નથી; કે બીજાનુ નથી, કે બીજું નથી; જેમ છે તેમ છે જેમ સ્થિતિ આત્માની છે, તેવી સ્થિતિ છે.
સર્વ પ્રકારની વર્તના નિષ્કપટપણાથી ઉદયની છે; સમવિષમતા નથી. સહજાનંદ સ્થિતિ છે. જ્યા તેમ હોય ત્યાં અન્ય પદાર્થમાં આસક્તબુદ્ધિ ઘટે નહીં, હોય નહીં (૦ ૦ ૦ ૦) પત્રાંક ૪૨૦

કોઈની આજીવિકા તોડશો નહીં

શ્રીમદ્ રાજચન્દ્ર : આત્મવિદ્યાના ઉદ્ગાતા

ડૉ. રમણલાલ જોશી

'પંચદશી' માં શ્રી વિદ્યારણ્યમુનિએ કહ્યુ છે'—

परोक्षा चापरोक्षेति विद्या द्वेधा विचारजा ।
तत्रापरोक्षविद्याप्तौ विचारोऽयं समाप्यते ॥ (૬.૧૫)

—પરોક્ષ અને અપરોક્ષ એવી આત્મવિચારથી ઊપજનારી વિદ્યા બે પ્રકારની છે તેમા અપરોક્ષ વિદ્યાની (આત્માના પ્રત્યક્ષ જ્ઞાનની) પ્રાપ્તિ થયે આ આત્મવિચાર પૂરો થાય છે. શ્રીમદ્ રાજચંદ્રના અધ્યાત્મવિષયક લખાણોનો સૂર આત્મવિદ્યાનો છે વળીવળીને તે આત્મવિદ્યાના નિરૂપણ ઉપર આવે છે એનુ એક સર્વાંગીણ અને શાસ્ત્રશુદ્ધ વ્યવસ્થિત નિરૂપણ તેમના હાથે થયુ છે. એ ગુજરાતી ભાષાના તત્ત્વજ્ઞાન વિષયક સાહિત્યમા મૂલ્યવાન અર્પણ રૂપ છે શ્રીમદ્‌ને મન તત્ત્વજ્ઞાન એ બૌદ્ધિક વિલાસનો વિષય નથી પણ આત્માની ખોજ કરતાં કરતાં જે વસ્તુઓ અનુભવમા આવેલી છે એનું નિરૂપણ તે કરે છે એમની વાણી એ અનુભવની વાણી છે એનો રણકાર જુદો તરી આવે છે 'આત્મસિદ્ધિશાસ્ત્ર' 'ભાવનાબોધ' કે 'મોક્ષમાળા' જેવાં પુસ્તકોમા તેમનું અનુભવપૂત જ્ઞાન સૌ શ્રેયાર્થીઓને સુલભ છે. અને એમના પત્રો ? શ્રીમદે કાંઈ અસંખ્ય પત્રો લખ્યા છે. તેમણે એ માટે વખત ક્યાથી મેળવ્યો ? અર્વાચીન સમયમા શ્રી અરવિંદ, ગાધીજી અને શ્રીમદે તેમના અનુયાયીઓને અને અન્ય વ્યક્તિઓને લખેલા અસખ્ય પત્રોમા તેમનુ વાત્સલ્ય પ્રગટ થાય છે. કેવી સહાનુભૂતિથી તેમણે શિષ્યોનુ આંતરજીવન ઘડ્યું છે ! વિવિધ પ્રશ્નો અને શંકાઓનુ તે નિરસન કરે છે શ્રીમદ્‌ના પત્રોમાનો સરળ સંવાદ હૃદયસ્પર્શી નીવડે છે ગુજરાતી ભાષામા આ પત્રોમા નિરૂપાયેલું તત્ત્વજ્ઞાન એક આહલાદક વસ્તુ છે તેમનાં પુસ્તકોમા અને પત્રોમા ગદ્યની અવનવી છટાઓ જોવા મળે છે ગદ્યની રીતે પણ એ રસાવહ છે. ગુજરાતીની અભિવ્યક્તિ, ક્ષમતા એમા સહજ સિદ્ધ થાય છે.

શ્રી વિદ્યારણ્ય મુનિ જે 'આત્મવિચાર' ની વાત કરે છે તે શ્રીમદ્‌ના લખાણોમા તરત ધ્યાન ખેંચતી વસ્તુ છે દેહભાવ છોડીને આત્મામા સ્થિતિ કરવાનું તે ભારપૂર્વક કહે છે. આત્માની સત્તાની વાત છે એજ સત્-તા છે આજકાલ સત્તાની વાતો જ્યા ને ત્યાં સાભળીએ છીએ સત્તા ભોગવતા મનુષ્યો કેટલા બધા પામર હોય છે ! અમલ ચલાવતા મનુષ્યનો પોતાની ઉપર જ અમલ ચાલતો નથી ! શ્રીમદ્ કહે છે: દેહરખાપણુ છોડી દો, આત્મા એ જ સત્ય છે, સત્ તત્ત્વ છે, એની સત્તામા રહેવુ અને ત્યા રહ્યાં રહ્યા કર્મ કરવા

જેટલી સંસારને વિષે સારપરિણતિ મનાય તેટલી આત્મજ્ઞાનની ન્યૂનતા શ્રી તીર્થંકરે કહી છે

પણ આ બને શી રીતે ? શ્રી રાજચન્દ્ર વીતરાગપણુ રાખવાનુ સૂચવે છે રાગ માત્ર વર્જ્ય છે આ કરવું ઘણુ મુશ્કેલ છે તિરસ્કારરૂપે પણ રાગ જ પ્રગટ થતો હોય છે સામ્યાવસ્થા–સામ્યસ્થિતિ–સમતાની સ્થાપના થવી ઘટે આવી ઔદાસીન્યભરી મનની વૃત્તિની વાત તેમણે 'અપૂર્વ અવસર' કાવ્યમા કરી છે. આનો અર્થ એવો નથી કે સૃષ્ટિ અને સૃષ્ટિના પદાર્થોમા રસ ઊડી જાય, નિષ્ક્રિયતા આવે બલ્કે આવો સાધક સૃષ્ટિના પદાર્થોને એક નવી રીતે ગ્રહે છે. આ કારણે જ શ્રીમદ્‌મા સંસારી મનુષ્યો પ્રત્યે એક અથાગ કરુણા અને વાત્સલ્ય નિઝરે છે

ત્રીજી વસ્તુ તે આત્મદૃષ્ટિ છે, શ્રીમદ્ ઉદ્‌બોધે છે, સહજની સાધના કબીર કહે છે : સાધો સહજ સમાધ ભલી. સહજ ભાવે બધાં કર્મ થવા જોઈએ એમ શ્રીમદ્ કહે છે

ચોથી બાબત તે ગ્રન્થિ છેદનની છે નિર્ગ્રન્થ થવાનુ છે. મનુષ્યને અનેક પ્રકારના ગ્રહો વળગેલા છે –પૂર્વગ્રહો, હઠાગ્રહો, દુરાગ્રહો–આ બધામાથી તેણે મુક્ત થવાનુ છે શાસ્ત્રો પરત્વે શ્રીમદ્‌નુ વલણ સમન્વયવાદીનુ છે. એમને કોઈ પણ પ્રકારની ગ્રન્થિ નથી બધા શાસ્ત્રોમા આત્મજ્ઞાનની જે વાત કરી છે તે તેઓ લઈ લે છે અને પોતાની અનુભૂતિના પ્રકાશમા એને નવે સ્વરૂપે તે મૂકી આપે છે મુણ્ડકોપનિષદમા કહ્યુ છે-

भिद्यते हृदयग्रन्थि छिद्यन्ते सर्व सशया : ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥

એમ કહેવાય છે કે રામકૃષ્ણપરમહંસ સામ્યાવસ્થાના અવબોધ માટે માટીનુ ઢેફુ અને સોનુ ગંગામા ફેંકી દેતા. શ્રીમદ્ ઝવેરાતનો વેપાર કરતા, અને છતા એમની દૃષ્ટિ તો આત્માના ઝવેરાત ઉપર જ રહેતી એ અર્થમા એટલે કે સાચા અર્થમા એ શ્રીમદ્ હતા. તેમનુ હુલામણનુ નામ 'લક્ષ્મીનંદન' હતુ પણ તેમણે લક્ષ્મી વચ્ચે બેસવા છતા આત્મશ્રીનુ જ માહાત્મ્ય કર્યું.

મનુષ્યની અધ્યાત્મ યાત્રામા સત્પુરુષનો મહિમા તેમણે સ્વીકાર્યો છે અખાની જેમ 'ગુરુ થા તારો તુજ' એમ માનવા છતા તેમણે ગુરુપરંપરાનુ મહત્ત્વ કર્યું છે 'આત્મસિદ્ધિશાસ્ત્ર' મા તેમણે કહ્યુ છે કે મોક્ષમાર્ગનો લોપ થવાથી પોતે આત્મસિદ્ધિનુ શાસ્ત્ર રજૂ કરે છે. એ એક આખું શાસ્ત્ર છે અને ગુરુ શિષ્ય સંવાદરૂપે આપ્યુ છે સત્તરમી સદીમા મહાન જ્ઞાની કવિ અખાએ પણ 'ગુરુ શિષ્ય સંવાદ' લખ્યો છે ભગવદ્‌ગીતા પણ ગુરુ શિષ્ય સંવાદરૂપે જ છે. શ્રીમદ્ શિષ્યની શંકાઓનું નિરસન કરે છે. સત્પુરુષના લક્ષણો, માયાનો પ્રભાવ, આત્મભાવની અગત્યતા વર્ણવ્યા છે 'આત્મભાવના ભાવતા, જીવ લહે કેવળ જ્ઞાન રે.' એથી જ તેઓ કહે છે કે અમો સંભારીએ છીએ ત્યારે માડ ખ્યાલ આવે છે કે અમે દેહધારી છીએ તેમને "તીર્થંકર થવા ઇચ્છા નથી પણ તીર્થંકરે કર્યા પ્રમાણે કરવા ઇચ્છા છે" સત્પુરુષનુ ઉચિત ગૌરવ શ્રીમદ્‌ની વિચારણામા જોવા મળે છે અખો પણ "શુદ્ધ ભજનને પામવા એવો હરિ–ગુરુ–સંતને" જો આપણે માયાના અંતને એવો હરિ–ગુરુ–સંતને", એમ ચાલુ 'અખો ગીતામાં 'હરિ–ગુરુ–સંત'ની એકતા ઉપદેશે છે શ્રીમદ્‌ની અધ્યાત્મ–અભીપ્સા નીચેની પંક્તિઓમાં અસરકારક રીતે અભિવ્યક્ત થઈ છે :—

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો !
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશુ કવ મહત્ પુરુષને પંથ જો

અહીં પણ મહત્ પુરુષને પંથ વિચરવાની તેમની ભાવના સ્વભાવગત નમ્રતાની દ્યોતક છે.

અર્વાચીન સમયમા પશ્ચિમના સુધારાની આંધળી દોટ સામે ગુજરાતના ધાર્મિક જીવનને નવો વળાંક મળ્યો, એમા ઉત્તરકાલીન નર્મદ, પ્રાર્થના સમાજની પ્રવૃત્તિઓ, મણિલાલ નભુભાઇ આદિનો વેદાંતનો એક ઉચ્ચગ્રાહ પૂર્વકનો પ્રચાર, દયાનંદનો આર્યસમાજ, થિયોસોફી મંડળની પ્રવૃત્તિઓ, શ્રીમન્નૃસિંહાચાર્ય આદિએ સ્થાપેલો શ્રેયસાધક અધિકારી વર્ગ, ગાંધીજીના સત્ય અને અહિંસાના સિદ્ધાંતોની માંડણી આદિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ બધા પ્રવાહોની સાથે શ્રીમદ્ રાજચંદ્રના કાર્યને મૂલવીએ છીએ ત્યારે ગુજરાતી પ્રજાને ધર્મનુ સારતત્ત્વ સંપડાવવામા તેમણે કરેલા ગંજાવર કાર્યનો ખ્યાલ આવે છે શાસ્ત્રોનુ તત્ત્વ–એનો મર્મ તારવી લઈ આત્મવિદ્યાનું તેમણે તર્કસંગત અને અનુભવસિદ્ધ પ્રતિપાદન કર્યું.

આ એમનુ મહામૂલુ પ્રદાન છે. શ્રીમદ્‌ના ઉદાત્ત ચરિત્રમાથી અને લેખનમાથી વર્ષો સુધી સૌ શ્રેયાર્થીઓને પ્રેરણા મળ્યા કરશે

આત્મપરિણામનુ વિભાવપણું તે જ હાનિ અને તે જ મુખ્ય મરણ છે

A Great Seer

MAHATMA GANDHIJI

Kavi Rajchandra was born in a place called Vavania in Kathiawar. I came in touch with him in 1891, the day of my return from London, at P. J Mehta's residence in Bombay. Kavi, as I used to call him was nearly related to Dr Mehta He was introduced to me as Shatavadhani i e. one who can remember a hundred things at a time Kavi was quite young at the time, not much older than I was then i e. 21 years He had however given up all public exhibition of his powers and was given up to purly religious pursuits I was much struck by his simplicity and independence of judgement He was free from all touch of blind orthodoxy What struck me perhaps more was his combining business with religion in practice A student of the philosophy of religion he tried to practice what he believed Himself a Jain, his toleration of the other creeds was remarkable He had a chance of going to England for studies, but he would not go. He would not learn English His schooling was quite elementary But he was a genious He knew Sanskrit, Magdhi, and I believe Pali also. He was a voracious reader of religious literature and had acquired through Gujarati sources a knowledge, enough for his purpose, of Islam, Christianity and Zorostrianism. **Such was the man who captivated my heart in religious matters as no other man has till now.** I have said elsewhere that in moulding my inner life Tolstoy and Ruskin vied with Kavi But Kavi's influence was undoubtedly deeper, only because I had come in closest personal touch with

him His Judgement appealed to my moral sense in the vast majority of cases The bedrock of his faith was unquestionably Ahimsa. His Ahimsa was not the crude type we witness today among its so called votaries who confined their attention merely to the saving of aged cattle and insect life His Ahimsa if it encluded the tiniest insect also covered the whole of humanity Yet, I never could regard Kavi as a perfect man But of all the man I knew, he appeared to me to be nearer perfection than the rest Alas ! he died all too young (thirty three years) when he felt that he was surely great to see truth face to face. He has left many worshipers but not as many followers. His writings, largely consisting of soulful letters to inquirers, have been collected and published. An attempt is being made to have them translated in Hindi I knew that they would bear an English Translation. They are largely based on inward experience

18-3-1930

શ્રીમદ્ રાજચંદ્ર—પત્રાંક ૨૦૯

મહાત્માઓએ ગમે તે નામે અને ગમે તે આકારે એક ‘ સત્ ’ને જ પ્રકાશ્યુ છે. તેનુ જ જ્ઞાન કરવા યોગ્ય છે તે જ પ્રતીત કરવા યોગ્ય છે, તે જ અનુભવરૂપ છે. અને તે જ પરમ પ્રેમે ભજવા યોગ્ય છે.

તે ‘ પરમસત્ ’ની જ અમો અનન્ય પ્રેમે અવિચ્છિન્ન ભક્તિ ઇચ્છીએ છીએ.

તે ‘ પરમસત્ ’ને ‘ પરમજ્ઞાન ’ કહો, ગમે તો ‘ પરમપ્રેમ ’ કહો, અને ગમે તો ‘ સત્-ચિત્-આનંદ સ્વરૂપ ’ કહો, ગમે તો ‘ આત્મા ’ કહો, ગમે તો ‘ સર્વાત્મા ’ કહો, ગમે તો એક કહો, ગમે તો અનેક કહો, ગમે તો એકરૂપ કહો, ગમે તો સર્વરૂપ કહો, પણ સત્ તે સત્ જ છે. અને તે જ એ બધા પ્રકારે કહેવા યોગ્ય છે, કહેવાય છે સર્વ એ જ છે, અન્ય નહીં.

એવું તે પરમતત્ત્વ, પુરુષોત્તમ, હરિ, સિદ્ધ, ઈશ્વર, નિરંજન, અલખ, પરબ્રહ્મ, પરમાત્મા, પરમેશ્વર અને ભગવત આદિ અનંત નામોએ કહેવાયુ છે.

અમે જ્યારે પરમતત્ત્વ કહેવા ઇચ્છી તેવા કોઈ પણ શબ્દોમાં બોલીએ તો તે એ જ છે, બીજું નહીં.

શ્રીમદ્ રાજચંદ્ર

સેવે સદ્‌ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્

ઉત્કટ છતાં સહજ સાધના

શ્રી બબલભાઈ મહેતા

શ્રીમદ્‌ના જીવનની કઈ બાબતે મારા જીવન ઉપર સૌથી વિશેષ અસર કરી એમ જો કોઈ મને પૂછે તો હું કહું કે એમની ઉત્કટ છતાં સહજ સાધનાએ.

શ્રીમદ્‌જીએ આત્મસ્વરૂપને પામવા માટે જે સાધના કરી હતી એ કેટલી ઉત્કટ હતી અને કેટલી સહજ હતી એ એમની સાધનાના શરૂઆતના કાળમા પણ દેખાયા વિના રહી નહોતી.

મુંબઈમાં ઝવેરાતની દુકાનમા ઘરાક સાથે ઝવેરાત વિષે વાત કરતી વખતે તેઓ એમા એકાગ્ર થતા, પરંતુ એ કાર્ય પૂરું થયું કે તુરત પાછા એ આત્મસ્વરૂપમાંજ લીન થઈ જતા. આ તન્મયતા અને આ ધ્યેય-નિષ્ઠા જ એમને આટલા અલ્પ જીવન કાળમાં સાધનાના આટલા ઉત્તુંગ શિખરે પહોચાડી દે છે.

આત્મસ્વરૂપ સિવાયની બીજી બધી બાબતો એમને માટે નિરર્થક વળગણ બની ગઈ હતી એટલું એ બાબતનુ એમનું દર્શન સ્પષ્ટ થઈ ગયું હતું. એથી જ તેઓ આત્મસિદ્ધિ યોગની પ્રાપ્તિ કરે છે.

એકાકી વિચરતો વળી સ્મશાનમા,
વળી પર્વતમા વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમા નહી ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

ઘોર તપશ્ચર્યામા પણ મનને તાપ નહીં
સરસ અન્ને નહિ મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

શ્રીમદ્ રાજચંદ્ર

સત્પુરુષના ચરિત્ર એ દર્પણ છે.

યોગીશ્વર શ્રીમદ્ રાજચંદ્રને–
શતાબ્દી ભાવાંજલિ

શાર્દૂલ વિક્રીડિત

તત્ત્વજ્ઞાન પ્રકાશ દિવ્ય પ્રગટયો, જેના પ્રતાપે અહીં,
ભૂમિ ભારતની વળી ઝળહળી, અદ્‌ભુત આજે ગ્રહી;
એ તત્ત્વજ્ઞ – શિરોમણિ યુગ વિષે, અધ્યાત્મ યોગીશ્વરો,
શ્રીમદ્ રાજ શશિકલા અવનીનું, અજ્ઞાન દૂરે કરો. ૧

આ સંસાર અપાર પાર કરવા, આધાર સર્વોપરી,
દેહી તોય વિદેહી અદ્‌ભુત દશા, જ્ઞાનામૃતે શી ભરી!
વાણી શાંત સુધારસે છલકતી, શ્રી રાજચંદ્ર પ્રભો!
અર્પું આજ શતાબ્દી ઉત્સવ દિને, આ અંજલિ હે વિભો! ૨

માલિની

સુજન તુજ સુહાવે કંઠમાં 'પુષ્પમાળા,'
હૃદયદલ ધરે જો, આદરે 'મોક્ષમાળા,'
સતત રુચિથી સાધે, 'આત્મસિદ્ધિ' સદાયે,
સકલ સ્વરૂપસિદ્ધિ શીઘ્ર શું ના વરાયે? ૩

અજર અમર આત્મા, બોધવા સુસ્વભાવી,
સ્વરૂપરમણ પ્રત્યે પ્રેરવા શી પ્રભાવી!
પ્રશમરસ પ્રસારે, દિવ્યમૂર્તિ શી ચારુ!
અમ ઉર વસજો, હે! રાજચન્દ્ર કૃપાળુ! ૪

વસંતતિલકા

પૂર્વે અનેક ભવમાં નિજ યોગ સાધ્યો,
નિષ્પન્ન યોગીવર તે શિવમોદ માણ્યો;
સિદ્ધિસખી જીવન્મુક્તિ વરી તમોને,
હે રાજચન્દ્ર! શિવદાયી થજો અમોને ૫

શાંતિ સમાધિ સુખનિર્ઝર જે અનન્ય,
પામ્યા સુરમ્ય સહજાત્મસ્વરૂપ ધન્ય:
શુદ્ધાત્મરેવ સ્મૃતિ સેવન ભાવના એ,
યોગીન્દ્ર શ્રેયપદ ચિત્ત વસો સદાયે. ૬

શ્રી. રાવજીભાઈ
છ. દેસાઈ

શ્રી રાયચંદભાઈનું પુણ્ય સ્મરણ

શ્રી બાળકોબાજી

૧૯૨૬ની સાલમાં પૂ. ગાંધીજીએ નવજીવન સાપ્તાહિકમાં આત્મકથા લખવાનું શરૂ કરેલું. પહેલા ભાગના ૨૫ પ્રકરણો લખાયા પછી, બીજા ભાગની શરૂઆત રાયચંદભાઈના પ્રકરણથી કરેલ છે. રાયચંદભાઈની ઓળખાણ ત્યા સુધી મને ન હતી. રાયચંદભાઈ વિષે ગાંધીજીએ લખેલું પ્રકરણ વાંચ્યું. તે પ્રકરણમા ગાંધીજીએ રાયચંદભાઈ વિષે બહુ ઊંચો અભિપ્રાય વ્યક્ત કર્યો છે સાથે સાથે તેમના સહવાસથી ગાંધીજીને કેટલો ફાયદો થયો તે પણ જાણવા મળે છે આથી રાયચંદભાઈનુ ચરિત્ર જાણવાની મનમા જિજ્ઞાસા પેદા થઈ તેમનુ બહાર પડેલું સંક્ષિપ્ત ચરિત્ર વાચ્યું. તે ઉપરથી તેમનુ સાહિત્ય વાચવાની પ્રેરણા થઈ. પણ તેમના ગ્રંથો હુ મેળવી ન શક્યો

૧૯૩૬ની સાલમા ક્ષયની માદગીથી હુ પીડાતો હતો ત્યારે ગાંધીજીએ સારવાર માટે મને સાબરમતી આશ્રમમા મોકલેલ. ત્યા અમદાવાદના દા નલવલકરના ઇંજેક્શનો હુ લઈ રહ્યો હતો તે વખતે એક જૈન ભાઈએ મારી જિજ્ઞાસા જોઈ પોતાની પાસે રાયચદભાઈના લખાણોનો ગ્રથ બે મોટા ભાગમા હતો તે મને વાચવા આપ્યો. એ ગ્રથ નાગરી લિપિમા સારા અક્ષરોમા રેવાશંકરભાઈએ છાપેલ છે આ ગ્રંથ હાથમાં લીધો અને રાયચંદભાઈના લખાણથી હું એટલો તો મુગ્ધ થયો કે તેમાથી રોજ એક કલાક મુખ્ય મુખ્ય વચનો, ફકરાઓ મારી વહીમાં લખવાનું શરૂ કર્યું. ક્ષયથી પીડાતો હોવાથી આખો દિવસ આરામ જ લેવો પડતો. છતા એક કલાક ફકરાઓ લખ્યા વિના મારાથી રહેવાયુ નહીં. મારી ભક્તિ જોઈ પેલા સજ્જન ભાઈએ બન્ને ભાગ મને ભેટ આપી દીધા પછી એ પુસ્તક પર મેં નિશાની કરવાનું શરૂ કર્યું એક વર્ષમા તે ગ્રંથનું અધ્યયન પૂરું કર્યું. તેમાથી અમુક વચનો મોઢે કર્યા. 'અપૂર્વ અવસર' અને 'બહુ પુણ્ય કેરા પુજથી' એ બે કાવ્યો કંઠસ્થ કર્યા.

આ ગ્રંથના અધ્યયનમાંથી શ્રીમદ્ રાયચંદભાઈના જીવનની ચાર વિશેષતાઓ જોવામા આવી (૧) આધ્યાત્મિક સાધના સાથે સેવાનો કે સત્કર્મનો સુયોગ (૨) પોતે જૈન છતા સાપ્રદાયિકપણાનો અભાવ (૩) જીવનમાં આત્મદર્શનની તાલાવેલી (૪) મૃત્યુ સમયે અમૂર્છ-દશાનો અનુભવ

વર્તનમા બાળક થાઓ, સત્યમાં યુવાન થાઓ, જ્ઞાનમા વૃદ્ધ થાઓ

(૧) આધ્યાત્મિક સાધના સાથે સેવાનો કે સત્કર્મનો સુયોગ :–

જૈન સંપ્રદાય કે વૈદિક સંપ્રદાયમાં એવી માન્યતા જોવા મળે છે કે, સાધક, મુમુક્ષુ કે સિદ્ધપુરુષ સેવા કાર્ય ન કરી શકે વૈદિક સંન્યાસી કે જૈન સંન્યાસીઓ સમાજ આગળ પ્રવચનો કરી સમાજને ઉપદેશ આપવાનું કાર્ય કરી શકે પણ તે જનસેવાનુ કાર્ય કરી ન શકે એટલે કે સૂતર કાતવાનું, ગ્રામ–સંઘટના કે ખાદી–કાર્ય તે ન કરી શકે આ માન્યતા રાયચંદભાઈએ પોતાના જ્વલંત ઉદાહરણથી ખોટી પાડી છે.

પૂ. ગાંધીજી તેમને વિષે આ બાબતમા આ પ્રમાણે લખે છે "સામાન્ય માન્યતા એવી હોય છે કે વ્યવહાર કે વેપાર અને પરમાર્થ અથવા ધર્મ એ નોખી અને વિરોધી વસ્તુ છે. વેપારમા ધર્મ દાખલ કરવો એ ગાંડપણ છે પણ રાયચંદભાઈએ પોતાના જીવનમા બતાવી આપ્યું કે ધાર્મિક મનુષ્યનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમા જણાવો જ જોઈએ. તેમનો વેપાર હીરા મોતીનો હતો. પોતાના વ્યવહારમાં સંપૂર્ણપણે પ્રામાણિકપણુ જાળવતા. ધર્મ-કુશળ એ વ્યવહારકુશળ ન હોય એ વહેમ રાયચંદભાઈએ ખોટો સિદ્ધ કરી બતાવ્યો હતો."

આટલી કાળજી અને હોશીયારી છતા વેપારની ધાલાવેલી કે ચિંતા ન રાખતા દુકાનમા બેઠા બેઠા પણ જ્યારે પોતાનુ કામ પૂરુ થઈ રહે એટલે ધર્મ પુસ્તક પાસે પડ્યુ હોય તે ઉઘડે અથવા પેલી પોથી કે જેમા પોતાના ઉદ્ગારો લખતા તે ઉઘડે. જે માણસ લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધજ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વખત નહીં પણ અનેક વખત થએલો છે ઘણા ધર્માચાર્યોના પ્રસંગોમા ત્યાર પછી આવ્યો છું પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજા કોઈ પાડી શક્યા નથી તેમના ઘણા વચનો મને સોસરા ઊતરી જતા"

ગાંધીજીના ઉપર ટાંકેલા વચનો પરથી સ્પષ્ટ જણાઇ આવશે કે રાયચંદભાઈ પ્રવૃત્તિમા છતા અંદરથી કેટલા અલિપ્ત હતા. અલિપ્તતા હંમેશાં અંદરથી કેળવાવી જોઈએ. તેનો બહાર સંબંધ નથી. અંદર નિવૃત્તિ અને બહાર કાયા, વાચા, મનથી સત્પ્રવૃત્તિ એવો આદર્શ મહાપુરુષોના આચરણમાં જોવામા આવે તો સામાન્ય સંસારી જીવો મહાપુરુષો પાસેથી પ્રેરણા મેળવી પોતાનું જીવન ઉન્નત કરી શકે.

(૨) પોતે જૈન છતાં સાંપ્રદાયિકપણાનો અભાવ :

આ અત્યંત મહત્ત્વની ભાવના રાયચંદભાઈના જીવનમા જોવા મળે છે તેમની પોતાની નિષ્ઠા જૈનધર્મમા હતી જૈન ધર્મ સત્યની સૌથી વધુ નજીક છે એવી તેમની દૃઢ માન્યતા હતી. છતા સર્વધર્મસમભાવ તેમનામા હતો, એમ તેમના વચનો પરથી જણાઈ આવે છે

તેઓ શંકરાચાર્યનુ વચન ટાંકે છે : 'क्षणमपि सज्जन सगतिरेका भवति भवाब्धि तरणे नौका' ક્ષણવારનો પણ સત્પુરુષનો સમાગમ તે સંસારરૂપ સમુદ્ર તરવાને નૌકારૂપ થાય છે વળી બીજે ઠેકાણે તેઓ લખે છે "મહાત્મા કબીરજી તથા નરસૈ મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક, અદ્ભુત અને સર્વોત્કૃષ્ટ હતી તેમ છતા તે નિસ્પૃહા હતી સ્વપ્ને પણ તેમણે એવી દુઃખી સ્થિતિ છતા આજીવિકા અર્થે, વ્યવહારાર્થે પરમેશ્વર પાસે દીનપણુ કર્યું નથી. જો કે તેમ કર્યા સિવાય પણ ઇશ્વરેચ્છાથી વ્યવહાર ચાલ્યો હતો. તથાપિ તેમની દરિદ્રાવસ્થા હજી સુધી જગત વિદિત છે, અને એ જ એમનું સબળ માહાત્મ્ય છે પરમાત્માએ એમના 'પરચા' પૂરા કર્યા છે તે એ ભક્તોની ઇચ્છાથી ઉપરવટ થઈને, ભક્તોની એવી ઇચ્છા ન હોય."

ગીતામા શ્રીકૃષ્ણ કહે છે : "જગત જ્યારે સૂએ છે ત્યારે જ્ઞાની જાગે છે, અને જગત જ્યારે જાગે છે ત્યારે જ્ઞાની સૂએ છે"

'નારદ ભક્તિસૂત્ર' એ નામનુ એક નાનુ શિક્ષાશાસ્ત્ર મહર્ષિ નારદજીનુ રચેલુ છે. તેમા તેઓએ પ્રેમભક્તિના સર્વોત્કૃષ્ટ સ્વરૂપનુ પ્રતિપાદનકર્યું છે.'

'જનક વિદેહી સંસારમા રહ્યા છતા વિદેહી રહી શકયા એ જો કે મોટું આશ્ચર્ય છે, મહા વિકટ છે.'

'શ્રીકૃષ્ણ મહાત્મા હતા, જ્ઞાની છતાં ઉદય ભાવે સંસારમાં રહ્યા હતા, એટલું જૈનથી પણ જાણી શકાય છે અને તે ખરુ છે.'

'અત્રેથી યોગવાસિષ્ઠનુ પુસ્તક મોકલ્યુ છે તે પાચ દશ વાર ફરી ફરીને વાચવુ તથા વારંવાર વિચારવુ યોગ્ય છે.'

'વેદાન્ત કહે છે 'આત્મા અસંગ છે' જિન પણ કહે છે કે પરમાર્થ નયથી આત્મા તેમ જ છે'

'મિથ્યા જગત વેદાન્ત કહે છે તે ખોટુ શું છે? વેદોક્ત માર્ગમાં ચાર આશ્રમ બાધ્યા છે.' વામદેવ શુકદેવ, જડભરતજી આદિએ આ આશ્રમોનો ક્રમવાર ત્યાગ સમજાવ્યો છે.

'કબીર, સુદરદાસ આદિ આત્માર્થી ગણવા યોગ્ય છે.'

'વેદાન્તે કહેલા મુમુક્ષુજીવના લક્ષણો તેમ જિને નિરૂપણ કરેલા સમ્યગદષ્ટિ જીવના લક્ષણો સાભળવા જેવા છે'

'મીરાંબાઈ મહાભક્તિમાન હતા'

આ બધા વચનો પરથી સ્પષ્ટ જોવામા આવશે કે શ્રીમદ્‌ને બીજા ધર્મો પ્રત્યે તથા મહાત્માઓ પ્રત્યે કેટલો આદર ભાવ હતો આ સમ્યગ્‌દષ્ટિ કહેવાય, અને એવી સમ્યગ્‌દષ્ટિ સપન્ન શ્રીમદ્‌ હતા

ગાધીજી તેમને વિષે આ માટે લખે છે "રાયચંદભાઈએ ઘણા ધર્મપુસ્તકોનો સારી રીતે અભ્યાસ કર્યો હતો. વેદાંતનો અભ્યાસ પણ તેમણે કરેલો તેમ જ ભાગવત, ગીતા, કુરાન, ઝદ, અવેસ્તા ઇત્યાદિનું વાચન પણ અનુવાદો મારફત તેમણે કરી લીધું હતુ. રાયચંદભાઈને બીજા ધર્મ પ્રત્યે અનાદર ન હતો વેદાત પ્રત્યે પક્ષપાત પણ હતો. વેદાતીને તો કવિ વેદાતી જ જણાય પુસ્તકો કયા વાચવા એ પ્રશ્ન ઊઠતા મારુ વલણ અને મારા બચપણના સસ્કાર વિચારી તેમણે મને ગીતાજી વાચતો તેમા ઉત્તેજન આપેલું."

(૩) જીવનમા આત્મદર્શનની તાલાવેલી

તેઓ ગૃહસ્થાશ્રમી હતા, અને સંસારમા રહ્યા છતા તેમને આત્મદર્શનની જ તાલાવેલી હતી આ વાત બધા સંસારીઓ માટે પ્રેરણાદાયક છે. વૈરાગ્ય વિના આત્મ-દર્શન સંભવિત નથી. આ વૈરાગ્ય એમના જીવનમાં વણાયેલો હતો. ગાંધીજી આ બાબતમા લખે છે 'ખાતાં. બેસતા. સૂતા પ્રત્યેક ક્રિયા કરતા તેમનામા વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવ માટે તેમને મોહ થયો એમ મેં જોયુ નથી તેમની રહેણી કરણી હું આદરપૂર્વક પણ ઝીણવટથી તપાસતો ભોજનમા જે મળે તેથી સતુષ્ટ રહેતા પહેરવેશ સાદો, ચાલ ધીમી અને જોનાર પણ સમજી શકે કે ચાલતા પણ પોતે વિચારગ્રસ્ત છે. આખમા ચમત્કાર અને એકાગ્રતા હતી કઠમા એટલું બધુ માધુર્ય હતું કે તેમને સાભળતા માણસ થાકે નહી ચહેરો હસમૂખો અને પ્રફુલ્લિત હતો. તેની ઉપર અંતરાનદની છાયા હતી. ભાષા એટલી પરિપૂર્ણ હતી કે તેમને પોતાના વિચારો બતાવતા કોઈ દિવસ શબ્દ ગોતવો પડયો છે એમ મને યાદ નથી. આ વર્ણન સંયમી વિષે જ સંભવે બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઈ શકતો વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને તે મળી શકે એમ હરકોઈ માણસ અનુભવી શકે છે. રાગોને કહાડવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગદ્વેષ રહિત થવુ કેટલું કઠિન છે એ રાગ રહિત દશા કવિને સ્વાભાવિક હતી એમ મારી ઉપર છાપ પડી હતી.

મોક્ષનુ પ્રથમ પગથિયું વીતરાગતા છે. આંતર્વૈરાગ્ય વિના મોક્ષની લગની ન થાય એવી વૈરાગ્ય લગની કવિની હતી 'અપૂર્વ અવસર' રાયચંદભાઈના ૨૮ વર્ષની

ઉંમરે લખેલ કાવ્યની, અપૂર્વ ઉદ્‌ગારની પહેલી બે કડીઓમા જે વૈરાગ્ય ઝળહળી રહ્યો છે તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમા ક્ષણે ક્ષણે જોયેલો.

રાયચંદભાઈ આત્મદર્શન સારુ જ જીવતા હતા. ગાધીજી લખે છે ' રાયચંદભાઈ શતાવધાની હતા એમની આ શક્તિની મને અદેખાઈ થઈ પણ એ ઉપર હું મુગ્ધ ન થયો. જેની ઉપર હુ મુગ્ધ થયો એ હતુ તેમનું બહોળું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચારિત્ર્ય અને તેમની આત્મદર્શન કરવાની ભારે ધગશ. આત્મદર્શનને જ ખાતર તે પોતાનુ જીવન વ્યતીત કરતા હતા એમ મેં પાછળથી જોયુ.

રાયચંદભાઈ ' અપૂર્વ અવસર ' એ પ્રાસાદિક કાવ્યમા લખે છે—

એહ પરમપદ પ્રાપ્તિનુ કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશુ તે જ સ્વરૂપ જો
અપૂર્વ અવસર એવો કયારે આવશે ?

(૪) મૃત્યુને સમયે અમૂર્છ દશાનો અનુભવ:

આધ્યાત્મિક દ્રષ્ટિએ મૃત્યુનો સમય મહત્ત્વનો ગણાય છે તેથી જ ' અપૂર્વ અવસર ' મા રાયચંદભાઈએ લખ્યુ કે " અંતસમય ત્યા પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ, પ્રગટાવુ નિજ કેવળજ્ઞાન નિધાન જો; " મૃત્યુને સમયે તેમની અમૂર્છદશા હતી એમ કહી શકાય આ બાબતમા ગાધીજીએ તેમને વિષે લખ્યુ કે " કવિએ મૃત્યુ સમયે અસહ્ય વેદના ભોગવી હતી તે વખતે તેમને આત્માનુ જ ધ્યાન હતુ. " છપ્પનીયો દુકાળ ૧૯૦૦ સાલમા ઘણું કરીને હતો તે વખતે રાયચદભાઈએ અથાગ પરિશ્રમ કરી કાયાને ઘસી નાખી શરીર એટલી હદે ક્ષીણ થયું કે, શરીરનુ વજન ઘટીને ૫૫ રતલ સુધી પહોચ્યુ. તેમાથી સંગ્રહણી રોગ લાગુ થયો તે વખતનો તેમનો ફોટો જોવા જેવો છે શરીર હાડપિંજર જેવું છે. તેઓ ખાટલામા બેઠા છે એ ફોટો જોઈ મને બહુ પ્રેરણા મળેલી. મારા મનમાથી એ ફોટો ખસતો જ નથી. એ ફોટો જોઈને હજીએ પ્રેરણા મેળવુ છુ.

હિંદુ ધર્મમા અસ્પૃશ્યતા જોઈ તે વિષે ગાંધીજીના મનમા અણગમો પેદા થવા લાગ્યો. તે વખતે ગાધીજીએ હિંદુસ્તાનમા રહેલા ધર્માચાર્યો સાથે પત્રવ્યવહાર કરેલો. તેમા છેવટે રાયચંદભાઈના કાગળથી તેમનુ સમાધાન થયેલુ. રાયચંદભાઈએ ગાધીજીને લખ્યુ " હિંદુ ધર્મમા જે સૂક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનુ નિરીક્ષણ છે, દયા છે તેવુ બીજા ધર્મમા નથી; એવી નિષ્પક્ષપાતપણે વિચારતા મને પ્રતીતિ થઈ છે. " ગાધીજીનુ સમાધાન ન થયુ હોત તો ગાધીજીએ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો હોત અને ખ્રીસ્તી થયા હોત તો સત્યાગ્રહનુ અને સ્વરાજ્યનું દર્શન હિંદુસ્તાનને કોણ કરાવત ?

હુ ૧૯૩૬ની સાલમા રાયચંદભાઈના ગ્રંથોનું અધ્યયન કરી રહ્યો હતો. ત્યારે પૂ વિનોબાજીએ મને એક કાગળ લખેલો તેમા રાયચંદભાઈ વિષે આ પ્રમાણે જણાવેલુ "૧૯૧૬ની સાલમા રાયચંદભાઈનું ' અપૂર્વ અવસર ' કાવ્ય વાચેલું. મને એ કાવ્ય ગમેલુ ૧૯૧૯ની સાલમા રાયચદભાઈની ' મોક્ષમાળા ' વાચી. એ ચોપડી પણ મને ગમી મુમુક્ષુને માટે તેમાથી ઘણું ભાથું મળી શકે એમ છે. પછી ૧૯૩૨ની સાલમા જેલમા હતો ત્યારે તેમના બે ગ્રંથો નાગરી લિપિમા છાપેલા તે મારા હાથમાં આવ્યા અને જોઈ ગયો.

ગાધીજીના મનમા હિંદુ ધર્મ વિષે શંકા પેદા થઈ તે વખતે હિંદુ ધર્મમા શ્રદ્ધા ટકાવી રાખવા સારુ રાયચંદભાઈ નિમિત્ત બન્યા એ એમનુ સર્વોત્તમ કાર્ય ગણી શકાય વાસ્તવમા મારા મત પ્રમાણે **આત્મદર્શનની તાલાવેલી જેના મનમાં રહી છે તે માણસનું કેવળ જીવવું એ જ મહાન સેવા છે.**

આમ વિચાર કરતા શ્રીમદ્ એક મહાન પુરુષ થઈ ગયા. મારી ઉપર તેમનો ઘણો ઉપકાર છે. આ શુભ અવસરે તેમને નમન કરી વિરમુ છુ.

શરીર કોનુ છે ? મોહનુ છે, માટે અસંગ ભાવના રાખવી યોગ્ય છે

વિવેક– [ ] [ ] દૃષ્ટિ

શ્રીમદ્ રાજચંદ્ર

આયુષ્યનુ પ્રમાણ આપણે જાણ્યુ નથી,
બાલાવસ્થા અસમજમા વ્યતીત થઈ;
માનો કે ૪૬ વર્ષનું આયુષ્ય હશે,
અથવા વૃદ્ધતા દેખી શકીશુ એટલુ આયુષ્ય હશે;
પણ તેમાં ગિથિલ દશા સિવાય બીજુ કંઈ જોઈ શકીશું નહીં
હવે માત્ર એક યુવાવસ્થા રહી.
તેમા જો મોહનીય બળવત્તરતા ન ઘટી તો
સુખથી નિદ્રા આવશે નહીં,
નીરોગી રહેવાશે નહી,
માઠા સંકલ્પ–વિકલ્પ ટળશે નહીં,
અને ઠામ ઠામ આથડવું પડશે,
અને તે પણ રિદ્ધિ હશે તો થશે.
નહી તો પ્રથમ તેનું પ્રયત્ન કરવુ પડશે.

તે ઇચ્છા પ્રમાણે મળી ન મળી તો એક બાજુ રહી,
પરંતુ વખતે પેટ પૂરતી મળવી દુર્લભ છે.

તેની જ ચિંતામાં, તેના જ વિકલ્પમાં અને તે મેળવીને સુખ ભોગવીશું એ જ સંકલ્પમા, માત્ર દુઃખ સિવાય બીજુ કંઈ દેખી શકીશું નહીં.

એ વયમા કોઈ કાર્યમા પ્રવૃત્તિ કરતા ફાવ્યા તો એકદમ આખ તીરછી થઈ જશે

ન ફાવ્યા તો લોકનો ભેદ અને પોતાનો નિષ્ફળ ખેદ બહુ દુઃખ આપશે.

પ્રત્યેક વખત અપયશ હશે તો તેને ટાળવાના ભયવાળો,
લેણુ હશે તો તેને લેવાના ભયવાળો,
દેણુ હશે તો તેની હાયવોયના ભયવાળો,
સ્ત્રી હશે તો તેની .....ના ભયવાળો,
નહીં હોય તો તેને મેળવવાના ખ્યાલવાળો,
ઓછી રિદ્ધિ હશે તો વધારેના ખ્યાલવાળો,
વધારે હશે તો તેને બાથ ભરવાના ખ્યાલનો,
એમ જ પ્રત્યેક સાધનો માટે અનુભવ થશે.

ક્રમે કે વિક્રમે ટૂંકામા કહેવાનુ કે,
સુખનો સમય હવે કયો કહેવો ?
બાલાવસ્થા ?
યુવાવસ્થા ?
જરાવસ્થા ?
નીરોગાવસ્થા ?
રોગાવસ્થા ?
ધનાવસ્થા ?
નિર્ધનાવસ્થા ?
ગૃહસ્થાવસ્થા ?
અગૃહસ્થાવસ્થા ?

એ સર્વ પ્રકારની બાહ્ય મહેનત વિના અનુત્તર અંતરગ વિચારણાથી જે વિવેક થયો તે જ આપણને બીજી દૃષ્ટિ કરાવી, સર્વ કાળને માટે સુખી કરે છે.
એટલે કહ્યુ શુ ? તો કે વધારે જિવાશું તો પણ સુખી,
ઓછુ જિવાશુ તો પણ સુખી,
પાછળ જન્મવુ હોય તોપણ સુખી,
ન જન્મવુ હોય તોપણ સુખી.

પત્રાંક ૧૫૭/૨

મનને વશ કર્યું તેણે જગતને વશ કર્યું.

સાક્ષાત્ સદ્ગુરુને વિજ્ઞપ્તિ

(ધનાશ્રી)

તારાં દર્શન માત્રથી દેવ, ભ્રમણા ભાગી રે,
મેં તો લોક લાજની કુટેવ, સર્વે ત્યાગી રે ૧

સહજાત્મનું નિરખી સ્વરૂપ, ઠરે છે નેણા રે,
રૂડાં લાગે છે રસકૂપ, વહાલા તારાં વેણા રે. ૨

મે તો પ્રીતિ કરી પ્રભુ સાથ, બીજેથી તોડી રે,
હવે શ્રી સદ્ગુરુ સંઘાત, બની છે જોડી રે ૩

મે તો પરહર્યા પટ આઠ, નથી કાંઈ છાનો રે;
મેં તો મેલ્યો સર્વ ઉચાટ, માનો કે ના માનો રે ૪

મેં તો હૃદય રડાવી લોક, રાખ્યાં હતા રાજી રે,
હવે એમ ન બનશે ફોક, બદલી ગઈ બાજી રે ૫

તોડો દાસની આશનો પાશ, પૂરો આશા રે;
મને તો તમારા સુખરાશ, છે દૃઢ વિશ્વાસા રે ૬

જોઈ હૃદય નેત્ર વનક્ષેત્ર, પધારો પ્રીતે રે,
તારા રત્નત્રયની સાથ, રહો રસ રીતે રે. ૭

શ્રી રત્નરાજ સ્વામી

શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી

શ્રી મુકુલભાઈ કલાર્થી

શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજી એ આજના યુગની બે પરમ સંત-વિભૂતિ સમાન છે. તેઓનાં જીવન આપણને પ્રેરણા આપનારા છે અને સત્પથે દોરનારા છે. સંત-સમાગમ એ પારસમણિ રૂપ છે થોડી ક્ષણનો પણ સંત-સમાગમ આપણા જીવનમાં આધ્યાત્મિક ચેતના મૂકી જાય છે અને આપણું જીવન ભર્યું ભર્યું કરી મૂકે છે. મહાત્મા ગાંધીજીના જીવન ઉપર પણ શ્રીમદ્જીએ કેવી ચિરસ્થાયી અસર પાડી હતી, એનો પરિચય કરીએ તો આપણને પણ એવા સંતપુરુષનો સમાગમ કરવાની સહેજે પ્રેરણા થઈ આવે. અને આવા પરમ સદ્ગુરુનો સમાગમ થઈ જતા આપણું અંતર પણ અહોભાવથી ગાતી ઊઠે :

'અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.'

આત્મસિદ્ધિશાસ્ત્ર, ૧૨૪

શ્રીમદ્ રાજચંદ્રજીની અસર ગાંધીજીના જીવન પર પ્રબળ થઈ છે. ગાંધીજી એ વિશે કહે છે :

"મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે. પણ સૌથી વધારે કોઈના જીવનમાથી મે ગ્રહણ કર્યું હોય, તો તે કવિશ્રીના જીવનમાથી છે."

વળી અન્ય સ્થળે તેઓ લખે :

"મારી ઉપર ત્રણ પુરુષોએ ઊંડી છાપ પાડી છે—ટૉલ્સ્ટૉય, રસ્કિન અને રાયચંદભાઈ ટૉલ્સ્ટૉયની તેમના અમુક પુસ્તક દ્વારા અને તેમની સાથેના થોડા પત્રવ્યવહારથી; રસ્કિનની તેના એક જ પુસ્તક 'અનટુ ધિસ લાસ્ટ'થી, જેનુ ગુજરાતી નામ 'સર્વોદય' મે રાખ્યું છે; અને રાયચંદભાઈની તેમની સાથેના ગાઢ પરિચયથી"

એટલુ જ નહિ પણ ગાંધીજી તો એટલે સુધી કહે છે કે :—

'મારા જીવનમા શ્રીમદ્ રાજચંદ્રની છાપ મુખ્યપણે છે. મહાત્મા ટૉલ્સ્ટૉય તથા રસ્કિન કરતા પણ શ્રીમદે મારા ઉપર ઊંડી અસર કરી છે."

મહાત્મા ગાધીજીના આવા ઉદ્ગારો સાંભળીને શ્રીમદ્ રાજચંદ્રજી જેવી ઉચ્ચ આધ્યાત્મિક વિભૂતિ સાથે તેમનો સમાગમ શી રીતે થયો અને તે કેમ વધારે ને વધારે ગાઢ બનતો ગયો એ વિષે જાણવાનું આપણને સહેજે મન થઈ આવે.

દુખનુ કારણ માત્ર વિષમાત્મા છે અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે

ઈ. સ. ૧૮૯૧ના જુલાઈ માસમાં ગાંધીજી જ્યારે વિલાયતથી બૅરિસ્ટર થઈને હિંદ પાછા ફર્યા, ત્યારે મુંબઈમા તેમનો ઉતારો ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં હતો. રાજચંદ્રજી એ ડૉ. પ્રાણજીવનદાસના વડીલ ભાઈ શ્રી પોપટલાલના જમાઈ થાય. એટલે દાક્તરે તેમની સાથે ગાંધીજીની ઓળખાણ પ્રથમ વાર કરાવી અને કહ્યું: "કવિ છતાંયે અમારી સાથે વેપારમાં છે, તેઓ જ્ઞાની છે; શતાવધાની છે."

કોઈએ તે વખતે ગાંધીજીને સૂચવ્યું કે, 'તમે રાયચંદભાઈને કેટલાક શબ્દો સંભળાવો અને એ શબ્દો ગમે તે ભાષાના હશે તો પણ તે જ ક્રમમા રાયચંદભાઈ પાછા કહી જશે.'

ગાંધીજીને આ સાભળીને આશ્ચર્ય થયું. એ પ્રસંગ વેળાની પોતાની સ્થિતિનો ખ્યાલ આપતા ગાંધીજી કહે છે:

"હું તો જુવાનિયો વિલાયતથી આવેલો મારા ભાષાજ્ઞાનનો પણ ડોળ, મને વિલાયતનો પવન ત્યારે કંઈ ઓછો નહોતો વિલાયતથી આવ્યા એટલે ઊંચેથી ઊતર્યા મેં મારું બધું જ્ઞાન ઠાલવ્યું અને જુદી જુદી ભાષાના શબ્દો પ્રથમ તો મે લખી કાઢયા—કેમ કે મને ક્રમ કયાં યાદ રહેવાનો હતો? અને પછી તે શબ્દો હુ વાંચી ગયો. તે જ ક્રમમાં રાયચંદભાઈએ હળવેથી એક પછી એક બધા શબ્દો કહી દીધા હુ રાજી થયો, ચકિત થયો, અને કવિની સ્મરણશક્તિ વિષે મારો ઊંચો અભિપ્રાય બંધાયો. વિલાયતનો પવન હળવો પાડવા સારુ આ અનુભવ સરસ થયો ગણાય."

રાયચંદભાઈને અંગ્રેજી જ્ઞાન બહુ ન હતું. તે વખતે તેમની ઉંમર પચીસથી ઉપર નહીં હોય. શ્રીમદ્જીની ઉંમરમા અને ગાંધીજીની ઉંમરમાં એક વરસ અને દશેક મહિનાનો જ ફરક હતો. ગાંધીજીનો જન્મ સંવત ૧૯૨૫ના ભાદરવા વદ બારસને દિવસે થયો હતો; જ્યારે શ્રીમદ્જીનો એમનાથી પહેલા સંવત ૧૯૨૪ની કાર્તિકી પૂર્ણિમાને દિવસે થયો હતો. આમ પોતાનાથી થોડાક જ મોટા અને ગુજરાતી શાળામાં થોડોક જ અભ્યાસ કરેલો હતો એવા રાજચંદ્રજીમાં આટલી અદ્ભુત સ્મરણશક્તિ, આટલું જ્ઞાન અને આટલુ તેમની આસપાસનાઓ તરફથી માન—એ જોઈને ગાધીજી તેમના પર મુગ્ધ બની ગયા.

આ પ્રસંગથી ગાધીજીને એ વાતની પ્રતીતિ થઈ કે, સ્મરણશક્તિ નિશાળમા નથી વેચાતી; જ્ઞાન પણ નિશાળની બહાર જો ઇચ્છા થાય— જિજ્ઞાસા હોય— તો મળે; અને માન પામવાને સારુ વિલાયત કે કયાય જવુ નથી પડતુ

પરંતુ અહીં એક વાત લક્ષમાં રાખવા જેવી છે કે, શ્રીમદ્ રાજચંદ્રની માત્ર તીવ્ર સ્મરણશક્તિ જોઈને ગાધીજીને તેમના તરફ આદરભાવ ઉત્પન્ન નહોતો થયો. સ્મરણશક્તિ તો ઘણાની તીવ્ર હોય, તેથી અંજાવાની કશી જરૂર નથી. શાસ્ત્રજ્ઞાન પણ ઘણાને હોય. પણ જો તે સંસ્કારી ન હોય, તો તેમની પાસેથી ફૂટી બદામ પણ નથી મળતી સંસ્કાર સારા હોય ત્યાં જ સ્મરણશક્તિ અને શાસ્ત્રજ્ઞાનનો મેળાપ શોભે અને જગતને શોભાવે

ગાંધીજીએ તો પહેલી મુલાકાતે જ જોઈ લીધુ હતુ કે, શ્રીમદ્જી ચારિત્ર્યવાન અને સાચા જ્ઞાની હતા. તેમનુ શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચારિત્ર્ય અને તેમની આત્મદર્શન કરવાની ઉત્કટ ધગશ જોઈને જ ગાધીજી તેમના પ્રત્યે આકર્ષાયા હતા

શ્રીમદ્જી સાથે ગાધીજીનો પરિચય થયો એ વખતે શ્રીમદ્જી ઉચ્ચ આત્મસ્થિતિએ પહોચી ગયા હતા સાધારણ માણસમા ન જોવા મળે એવી અદ્ભુત શક્તિના દર્શન શ્રીમદ્ રાજચંદ્રજીમાં નાનપણથી થાય છે. એમનો આત્મા ઉચ્ચ કોટીનો હતો, એ વાતની પ્રતીતિ એમણે નાની વયમા મેળવેલી ભિન્ન ભિન્ન સિદ્ધિઓ પરથી આપણને થયા વિના રહેતી નથી.

બીજી બાજુએ, ગાધીજીની શ્રીમદ્ રાજચંદ્રજી સાથે પ્રથમ ઓળખાણ થઈ તે વખતની ગાધીજીની સ્થિતિ વિષે પણ જાણવું આવશ્યક છે. એ વિષે ગાધીજી પોતે જ કહે છે

“ અમે પ્રથમ મળ્યા તે વેળાની મારી આધ્યાત્મિક સ્થિતિ કેવળ જિજ્ઞાસુની હતી ઘણા પ્રશ્નો વિષે મનમા શંકા રહેતી . તે વેળા ધર્મ, હિંદુ ધર્મ, ગીતા વગેરે વિષે મને થોડું જ્ઞાન હતું માતાપિતા પાસેથી સહેજે પામ્યો હતો એની અહી વાત નથી કરતો મેં માર પ્રયત્નથી ધર્મ વિષે બહુ જાણ્યું હોય એમ નહોતુ. પણ મને ધર્મ વિષે જાણવાની ઉત્કંઠા રહેતી તેથી રાયચંદ-ભાઈનો સમાગમ મને ગમ્યો, ને તેમના વચનોની અસર મારી ઉપર પડી ”

વળી ગાંધીજી પોતાની ‘ આત્મકથા ’ માં પણ નોધે છે કે :–

“ (શ્રીમદ્) પોતે હજારોના વેપાર ખેડતા, હીરા મોતીની પારેખ કરતા. વેપારના કોયડા ઉકલતા; પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી તેમનો વિષય–તેમનો પુરુષાર્થ–તો આત્મ–ઓળખ–હરિદર્શન હતો. પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય યા ન હોય, પણ કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અને પેલી નોંધપોથી ઊઘડે. ...જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈ ને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય, તેની જાત વેપારીની નહિ પણ શુદ્ધ જ્ઞાનીની છે તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહિ, પણ અનેક વેળા થયેલો.

“ મેં તેમને કદી મૂર્છિત નથી જોયા. મારી જોડે તેમને કશો સ્વાર્થ નહોતો. તેમના અતિ નિકટ સંબંધમા હું રહ્યો છુ. હું તે વેળા ભિખારી બૅરિસ્ટર હતો પણ જ્યારે હુ તેમની દુકાને પહોંચુ, ત્યારે મારી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાર્તા ન જ કરે આ વેળા જો કે મેં મારી દિશા જોઈ નહોતી. મને સામાન્ય રીતે ધર્મવાર્તામા રસ હતો એમ ન કહી શકાય, છતા રાયચંદભાઈની ધર્મવાર્તામા રસ આવતો.

“ ઘણા ધર્માચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે. પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજા નથી પાડી શક્યા તેમનાં ઘણા વચનો મને સોંસરાં ઊતરી જતા

“ તેમની બુદ્ધિને વિષે મને માન હતુ. તેમની પ્રમાણિકતા વિષે તેટલુ જ હતુ. ને તેથી હુ જાણતો હતો કે, તેઓ મને ઇરાદાપૂર્વક આડે રસ્તે નહિ દોરે ને પોતાના મનમાં હશે એવું જ કહેશે આથી મારી આધ્યાત્મિક ભીડમાં હુ તેમનો આશ્રય લેતો ”

એવી આધ્યાત્મિક ભીડનો મહત્ત્વનો પ્રસંગ ગાધીજી જ્યારે દક્ષિણ આફ્રિકામા હતા ત્યારે આવ્યો હતો ગાધીજીના કેટલાક ખ્રિસ્તી મિત્રો તેમને ખ્રિસ્તી થવા સમજાવી રહ્યા હતા. તે વેળા ગાધીજીના અંતરમા ધર્મ-મંથન જાગ્યું હતુ. ખ્રિસ્તી ધર્મનુ અવલોકન કરતા ગાધીજીને એ ધર્મ સંપૂર્ણ તથા સર્વોપરી ન લાગ્યો. તેમણે પોતાના એ અંગેના વિચારો પોતાના ખ્રિસ્તી મિત્રો સમક્ષ રજૂ કર્યા પરંતુ તેઓ ગાંધીજીના મનનુ સમાધાન થાય એ રીતે એનો ઉકેલ લાવી શક્યા નહિ.

પરંતુ તે વેળાએ ગાધીજી જેમ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કરી શકતા ન હતા, તેમ હિંદુ ધર્મની સંપૂર્ણતા વિષે અથવા તેના સર્વોપરીપણા વિષે પણ નિર્ણય પર આવી શકતા ન હતા હિંદુ ધર્મની ત્રુટીઓ તેમની નજર આગળ તર્યા કરતી હતી.

તદુપરાંત, જેમ ખ્રિસ્તી મિત્રો તેમના ઉપર અસર કરવા મથી રહ્યા હતા, તેમ મુસલમાન મિત્રોનો પણ પ્રયત્ન હતો કે, ગાંધીજી ઇસ્લામનો અભ્યાસ કરે તેઓ તેમને એ ધર્મની ખૂબીઓ પણ અવારનવાર સમજાવવા મથતા હતા

દેહધારીને વિટંબના એ એક ધર્મ છે, ત્યાં ખેદ કરીને આત્મવિસ્મરણ શુ કરવું ?

ગાધીજી આ બધી વસ્તુથી મૂંઝાઈ ગયા. છેવટે તેમણે પોતાની આ મુસીબતો શ્રીમદ્ આગળ મૂકી. તેમણે હિંદુસ્તાનના બીજા ધર્મશાસ્ત્રીઓ સાથે પણ પત્રવ્યવહાર ચલાવ્યો. તે લોકોના જવાબો આવ્યા પણ રાજચંદ્રજીના પત્રથી જ તેમને કંઈક શાતિ થઈ. શ્રીમદ્જીએ ગાધીજીને ધીરજ રાખવા ને હિંદુધર્મનો ઊંડો અભ્યાસ કરવા ભલામણ કરી. વળી તેમણે કેટલાક પુસ્તકો જેવા કે, 'પંચીકરણ', 'મણિરત્નમાળા', 'યોગવાસિષ્ટ'નું મુમુક્ષુ પ્રકરણ વગેરે ગાધીજીને મોકલ્યા

ગાધીજીએ બધા પુસ્તકો મનનપૂર્વક વાચ્યા વળી જે કંઈ વખત બચતો એનો ઉપયોગ તેઓ ધાર્મિક વાચનમા કરવા લાગ્યા તેમણે શ્રીમદ્ સાથેનો પત્રવ્યવહાર જારી રાખ્યો હતો. શ્રીમદ્ પણ તેમને યોગ્ય દોરવણી આપતા હતા. પરિણામે ગાધીજીનો હિંદુ ધર્મ પ્રત્યેનો આદર વધ્યો અને એની ખૂબી તેઓ સમજવા લાગ્યા.

અહીં શ્રીમદ્ રાજચંદ્રજીની ઉદાર દૃષ્ટિ વિષે જાણવુ જરૂરી થઈ પડશે આમ તો શ્રીમદ્જીનો પક્ષપાત જૈન દર્શન તરફ હતો પરંતુ બીજા ધર્મો પ્રત્યે તેમને અનાદર નહોતો. વેદાત પ્રત્યે પક્ષપાત પણ હતો. પણ ગાધીજી સાથે ધર્મ અંગે ચર્ચા કરતા તેમણે કોઈ દિવસ એવું કહ્યું નથી કે, ગાંધીજીએ મોક્ષ મેળવવા ખાતર અમુક ધર્મને અવલંબવો જોઈએ. શ્રીમદ્જીએ તેમને પોતાનો આચાર સમજવાનું પોતાનો અંતરાત્મા જે પ્રમાણે દોરે એ પ્રમાણે જીવન વિષે વિચારવાનું જ કહ્યુ હતુ. શ્રીમદ્જીએ સૂચવેલા પુસ્તકો પણ મુખ્યત્વે હિંદુ ધર્મના જ હતા; કારણ કે ગાંધીજી પણ હિંદુ ધર્મની ખૂબીઓ સમજવા પ્રયત્ન કરતા હતા. તેથી તેમની મૂંઝવણ દૂર થાય અને તેમને સાચું માર્ગદર્શન મળે એ વાત લક્ષમા રાખીને જ શ્રીમદ્જીએ તેમને દોરવણી આપવાનુ રાખ્યુ હતું જો શ્રીમદ્ રાજચંદ્રજીની જગ્યાએ બીજુ કોઈ હોત તો જિજ્ઞાસુની આવી ધર્મસંકટની વેળાનો લાભ ઉઠાવીને એના મન પર પોતાના મંતવ્યો, માન્યતા કે વિચારોને જોરશોરથી ઠોકી બેસાડવા જ તેણે પ્રયત્ન કર્યો હોત. પરંતુ શ્રીમદ્ રાજચંદ્રજી એવા દુરાગ્રહોથી અલિપ્ત હતા.

આમ, સમય જતાં ગાધીજીનો શ્રીમદ્ રાજચંદ્રજી સાથેનો પ્રત્યક્ષ પરિચય ગાઢ બનતો ગયો હતો અને શ્રીમદ્જી ૩૩ વર્ષની વયે વિદેહ પામ્યા ત્યા સુધી કાયમ રહ્યો હતો, અને તેઓશ્રીના ઉન્નત, આધ્યાત્મિક, નિર્મળ જીવનનો પ્રભાવ ગાધીજીના ચિત્ત પર એટલે સુધી પડેલો કે, એક વાર ગાધીજીને પણ થયું હતુ કે, 'હું એમને મારા ગુરુ બનાવુ'

આવા મહાન પુરુષોના જીવન પ્રેરક સમાગમનો વિચાર કરતા સાચા સદ્ગુરુની શક્તિનો આપણને સહેજે ખ્યાલ આવે છે અને આપણુ અંતઃકરણ કૃતજ્ઞભાવે બોલી ઊઠે છે :

"પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ"

શ્રીમદ્ રાજચંદ્ર પત્રાક ૨૬૬

"I saw him thus absorbed in godly pursuits in the midst of bussiness, not once or twice, but very often I never saw him lose his state of equipoise There was no bussiness or other selfish tie that bound him to me, and yet I enjoyed the closest association with him .. I must say that no one else has ever made on me the impression that Raychandbhai did His words went of straight home to me"

—Mahatma Gandhiji

ઈશ્વર પર વિશ્વાસ રાખવો એ એક સુખદાયક માર્ગ છે

જયંતિ-પ્રણામ

શ્રી બ્રહ્મચારીજી ગોવર્ધનદાસજી

વીસમી સદીના આત્મધર્મ—શૂરવીર, વીર, વીર;
રહ્યા જે આત્મશુદ્ધિમા ધીર, ધીર, ધીર,
જ્ઞાનાવતાર ગુરુ રાજચંદ્ર તો ધરે પૂર્વભવ જ્ઞાન;
વયે બાળ પણ વૃદ્ધ જ્ઞાનમા, કરતા શતાવધાન .વીસમી ૧

કૌમુદી યોગે શશી શો શોભે, નિર્મળ નભમા રમ્ય,
તેમ મુમુક્ષુ — મન મંદિરે, રાજચંદ્ર અગમ્ય વીસમી ૨

તારામંડળ સમ સૌ ભક્તો કેરાં પ્રગટ્યાં ભાગ્ય,
ઊંઘ અનાદિ મોહ તણી તજી, બન્યા બધા સુજાગ્ય વીસમી ૩

બાર ભાવના બોધી ત્યારે, વૈરાગ્યે બીજા રામ,
રચી દિન ત્રણમાં મોક્ષની માળા, રહી ઉરે નિષ્કામ .વીસમી ૪

મુંબઈ જેને સ્મશાન સમ વળી, ઉપાધિ સમાધિ મનાય,
દેહ રહિત કે દેહ સહિત છે, ભાન રહે ન જરાય .વીસમી ૫

અંતર્સંશોધન ઉભરાતાં કદી, હાથ—નોંધ લખાય,
મત મતાંતર — ત્રાસ રડાવે, દયા અતિ ઉભરાય.. વીસમી ૬

જૂઠાભાઈ, સૌભાગ્યભાઈ વળી, અંબાલાલ, લઘુરાજ;
પત્રો દ્વારા અમૃત પીતા, સર્યાં સર્વના કાજ .વીસમી ૭

આત્મસિદ્ધિ — રચના બે ઘડીમા, ષટ્દર્શનનો સાર,
કૃપા — કટાક્ષે મહાપુરુષ તો, કરે ધર્મ — ઉદ્ધાર વીસમી ૮

આત્મસાધના ઉત્તરસંડે, આત્મસિદ્ધિ નડિયાદ,
આણંદ, કાવિઠા, વસો, ખેડા, ખંભાત ને પેટલાદ . વીસમી ૯

ધર્મપુરનાં જંગલ સેવ્યાં, વળી કાઠિયાવાડ,
વવાણીયામાં જન્મ ધર્યો, તે ધન્ય વાણિયા ગામ .વીસમી ૧૦

દેહ છતા જે દેહાતીત તે રાજચંદ્ર ગુરુ નામ,
પૂર્ણાનંદી પ્રભુ ચરણમાં હો અનંત પ્રણામ,
છે અનંત સુખનું ધામ વીસમી ૧૧

સત્પુરુષના અંતઃકરણે આચાર્યો કિંવા કહ્યો તે ધર્મ

અતીન્દ્રિય જ્ઞાની શ્રીમદ્ રાજચંદ્ર

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા.

શ્રીમદ્ રાજચંદ્ર અર્વાચીન કાળમા થઈ ગયેલા એક લોકોત્તર પુરુષ છે. આપણાં પ્રાચીન શાસ્ત્રોમાં વર્ણવાયેલાં લોકોત્તર પુરુષના અનેક લક્ષણો એમના જીવનમા ચરિતાર્થ થયેલા છે. પણ જૂના સમયમાં વિવિધ માનવ-રત્નોની જેમ શ્રીમદ્ રાજચંદ્રની જીવનકથા કિંવદન્તીઓના જાળામા ગુંચવાયેલી નથી. એમના સંપર્કમા અને પરિચયમાં આવેલી અનેક વ્યક્તિઓ હજી વિદ્યમાન છે. એમની સર્વદેશીય અને સંપૂર્ણ નહિ તો પણ તથ્યપૂર્ણ અને વિશ્વસનીય જીવનકથાઓ આલેખાઈ છે. કેવળ આનુમાનિક કે કાલ્પનિક વાતો એમા નહિવત્ છે.

શ્રીમદ્‌ના અતીન્દ્રિયજ્ઞાનના અનેક પ્રસગો કુટુબીઓ, સમાગમીઓ કે ઉપાસકોના અનુભવમા આવ્યા છે અને જીવનકથાઓમાં કે સંસ્મરણોમા નોધાયા છે "લેખકના પોતાના અનુભવમા ન હોય અથવા એના જ્ઞાનની કક્ષાને સભવિત ન લાગે એવી બિનાઓ પણ ઐતિહ્ય પ્રમાણોથી નીપજતી હોય તો તેમને જીવન ચરિત્રના લેખનમાં છોડી શકાય નહિ એવો આધુનિક ઐતિહ્ય પરીક્ષકોનોય મત છે" (શ્રીમદ્ રાજચંદ્ર જીવન સાધના" નુ શ્રી રસિકલાલ છો. પરીખનુ પુરોવચન પૃ. ૧૪)

સામાન્ય જનસમાજ જેને "ચમત્કાર" લેખે પ્રશસે છે અને કેટલાક આધુનિક વૈજ્ઞાનિકો જેને વહેમ, ભ્રાન્તિ, દિવાસ્વપ્ન જેવાં નામોથી ઉલ્લેખે છે એવા અતીન્દ્રિય જ્ઞાનના પ્રસંગો કે ઘટનાઓ આજે પણ સમાજમા કેટલેક સ્થળે વર્ણવાતા સભળાય છે. એની ચકાસણી એ અભ્યાસ અને સશોધનનો એક જુદો પ્રદેશ છે પણ શ્રીમદ્‌ના જ્ઞાની જીવનમા વર્ણવાયેલા વિવિધ પ્રસગો વિષે શું કહીશું ? શ્રીમદે પુનર્જન્મનો વિષય પોતાના અનુભવથી સિદ્ધ ગણ્યો છે, અને તદનુસાર વિધાન પોતાના શબ્દોમા જ કર્યું છે. શ્રીમદ્‌ના જીવનની કેટલીક ઘટનાઓનો મેળ શાસ્ત્રોક્ત, અવધિ અને મન:પર્યવ જ્ઞાન સાથે જ બધ બેસે કથાનુયોગમાં વર્ણવેલી વાતો હોત તો સાહિત્ય વિવેચકો, ઐતિહાસિકો કે મનોવૈજ્ઞાનિકોને એના અર્થદર્શનનુ ફાવતું સ્વાતંત્ર્ય કદાચ રહેત, પણ અહી એ શકય નથી.

આપણાં શાસ્ત્રોમા વર્ણવાયેલી, અતીત કાળના જ્ઞાનીઓના જીવનમા પ્રત્યક્ષ થયેલી, ઇન્દ્રિયોથી અગોચર એવી આત્માની શક્તિઓના પ્રવર્તનના અભ્યાસ અને સશોધન શું શકય નથી ? 'પેરા-સાઇકોલોજી" ના અભ્યાસીઓ એ માટે પ્રયત્નશીલ છે એમ હુ સમજુ છુ પણ આપણા પુરાતન મનો-વિજ્ઞાન દ્વારા ચકાસણી કરીને એના રહસ્યો અંશત : પણ સમજી કે સમજાવી શકાય તો સમસ્ત વિશ્વની એ મોટી સેવા ગણાશે એમ કહેવામા અત્યુક્તિ નથી શ્રીમદ્ જેવા લોકોત્તર મહાત્માઓના જીવનના એક દેશનું આલેખન તથા એની સાચી સમજણ એ દ્વારા સુકર થશે. સામાન્ય જનતામા ઇન્દ્રિયાતીત જ્ઞાનના સૂચક પ્રસંગો પછી 'ચમત્કાર' રૂપ નહિ રહે, પણ ચૈતન્ય સ્વરૂપ આત્માની શક્તિના આવિષ્કાર તરીકે સમજાશે તથા સાધનાનો માર્ગ કંઈક સ્પષ્ટતર થશે

રાગ વિના સંસાર નથી, અને સસાર વિના રાગ નથી

ઝેરી પ્રાણીઓને પણ ન મરાય

શ્રી શંકરલાલ બેન્કર

જેલમા ગાંધીજી એક દિવસ સવારે મને કહેવા લાગ્યા કે, "આજે આખી રાત હું ઊંઘ્યો નથી" મે પૂછ્યું "કેમ શી તકલીફ થઈ હતી?" એટલે કહેવા લાગ્યા : "હુ સૂવા ગયો પછી થોડીવારમા પાછળની જાળીમા કંઈક અવાજ થવા લાગ્યો ત્યા નજર ગઈ ને જોઉં છુ તો સાપ જેવુ કોઈ પ્રાણી નજરે પડ્યુ."

ધર્મસંકટ :

મેં કહ્યુ "તો વોર્ડરને બોલાવવો હતો." એટલે ગાંધીજીએ કહ્યું : "એ તો હું યે સમજું, ને તેને બોલાવુ એટલે તે બીજા વોર્ડરને કહે. પરિણામે તે બધા આવે તો સાપને મારી નાખે ને એ કાર્ય સારું ન કહેવાય. મેં તો વિચાર એવો કર્યો કે એ અંદર આવી કરડવાનો હોય તો ભલે કરડે પણ વોર્ડરને તો નહીં જ બોલાવુ પણ પછી મને વિચાર આવ્યો કે જો ન બોલાવુ ને અંદર આવી મને કરડે તો મારું તો જે થવાનું હોય તે થાય. પણ જો સાપ બહાર ચાલ્યો જાય ને ઝેરી હોય ને વોર્ડરને કરડે તો તેનું તો મોત જ નીપજે એટલે મને પ્રશ્ન થયો કે આ પરિસ્થિતિમા મારો ધર્મ શો છે? જો નથી કહેતો તો વોર્ડરનો જાન જોખમમાં મુકાય છે ને કહુ તો વોર્ડર તેને જરૂર મારી નાખે"

મે પૂછ્યુ : "પછી શુ થયું?"

શંકા દૂર થઈ :

ગાંધીજીએ કહ્યુ : "મારા મનમા એવી ગડમથલ ચાલી રહી હતી એવામાં ચંદ્રમા ઉપર આવ્યો ને લોગેજોગે એ જાળિયા ઉપર ચાંદનીનુ અજવાળું પડ્યુ ને મેં જોયું તો પેલું ટોકું તે સાપનુ નહિ પણ કાચડાનુ હતું પછી તો હું ઊંઘ્યો, પણ અડધી રાત આમ ગડમથલમા ચાલી ગઈ હતી."

મેં કહ્યુ "સાપ જેવા ઝેરી પ્રાણીને તો મારી નાખવા જરૂરી જ ગણાય, તેમ ન કરો તો કેમ ચાલે? આવા વિચારો બરાબર લાગતા નથી."

રાજચંદ્રજીની અસર :

એ સાંભળી ગાંધીજી બોલ્યા "ઘણા વર્ષો પર મારા વિચાર પણ એવા જ હતા. હિંસક પ્રાણી હોય તેનો નાશ કરવો જોઈએ એમ લાગતું. પણ તે વિષે શ્રીમદ્ રાજચંદ્રજી જોડે પત્રવ્યવહાર થયો. મેં તેમને લખ્યું કે વાઘ કે સિંહ જેવું હિંસક પ્રાણી આપણને કરડવા આવે તો આપણે એને મારવુ કે નહીં? એમનો જવાબ આવ્યો કે એ પ્રશ્ન વિચારતાં આપણે એ ખ્યાલ રાખવો જોઈએ કે જેમ આપણને આપણો જીવ વહાલો છે તેમ એ પ્રાણીઓને પણ પોતાનો જીવ વહાલો હોય છે. તેથી ખરી અહિંસા તો આપણને એ જ બતાવે કે આપણુ ગમે તે થાય પણ તેને ન મારવુ જોઈએ." ટૉલ્સ્ટોય, રસ્કિનની સાથે રાજચંદ્રજીના વિચારોની પણ મારા મન પર અસર પડી છે."

અનુસંધાન પાન ૩૪ પર

મૈત્રી - સર્વ જગતથી નિર્વૈર બુદ્ધિ

શતાબ્દી—અંજલિ

શ્રી રાવજીભાઈ
છ. દેસાઈ

(આવ્યુ આવ્યુ અનુપમ નાવ ભવજલ તરવાને...એ દેશી)

ઊગ્યો ઊગ્યો સોનાનો સૂર્ય આજ અમારે રે;
વિસ્તારી જ્ઞાન પ્રકાશ, પ્રભુ નિસ્તારે રે.

દેવ દિવાળી પૂર્ણચન્દ્ર સમ રાજચંદ્ર અવતાર રે,
ભારતના અધ્યાત્મગગનમાં, દિવ્ય જ્યોતિ ઝલકાર ..પ્રભુ ૧

જન્મ શતાબ્દી મહોત્સવ આજે, આનંદ ઊર્મિ અપાર રે,
ધન્ય ધન્ય નર રત્ન ! અર્પીએ, સ્મરણાંજલિ જયકાર ..પ્રભુ ૨

યુગપ્રધાન શ્રી રાજચદ્ર પ્રભુ, મોક્ષાર્થી શિરતાજ રે,
શાસન વીરતણું શોભાવી, સાર્યાં ભવિજન કાજ . પ્રભુ ૩

આ કળિકાળ ઝાળથી બળતા, ભવિજન મનવિશ્રામ રે,
રાજચન્દ્ર તત્ત્વજ્ઞ શિરોમણિ, પ્રગટયા બીજા રામ પ્રભુ ૪

લઘુવયથી અંતરમા ઉલસ્યો, અદ્ભુત તત્ત્વ પ્રકાશ રે,
આત્મદશા દિન દિન ઉલસંતી, સહજ સ્વરૂપ વિલાસ.. પ્રભુ ૫

જન્મ જરા મરણાદિ દુ ખથી, વ્યાપ્ત સકલ સ સાર રે,
ત્રિવિધ તાપથી બળતા ભવિને, જ્ઞાની પરમ આધાર . પ્રભુ ૬

શ્રીમદ્ રાજ શશિસમ શીતળ, શાંતિ સુધા ઝરનાર રે,
દેહ છતાં ય વિદેહી દશા શી ! અહો જ્ઞાન અવતાર !.. પ્રભુ ૭

શ્રદ્ધા પરમ દુલ્લહા પ્રભુની, એક નિષ્ઠ અનન્ય રે,
તુજ આજ્ઞા, તુજ ભક્તિ, શરણ તુજ, જે સેવે તે ધન્ય ..પ્રભુ ૮

તુજ આજ્ઞા આરાધક પામ્યા, શ્રી લઘુરાજ સ્વસિદ્ધિ રે,
શ્રી સુભાગ્ય, સત્યાભિલાષી, અબાલાલ પ્રસિદ્ધિ . પ્રભુ ૯

તુજ આજ્ઞા આરાધક પામે, બોધિ સમાધિ સાર રે,
તુજ આશ્રય આ કાળે એક જ, ભવિને પરમ આધાર...પ્રભુ ૧૦

ભવદરિયો બહુ દુ ખથી ભરિયો, તરવાનો આ દાવ રે,
રાજ વર્યા જીવન્મુક્તિ સુખ, ભવ્ય ભજી લ્યો લહાવ...પ્રભુ ૧૧

પાન ૩૩ થી ચાલુ

શ્રીમદ્જીના પત્રમાં આ મૂળપ્રશ્નોત્તર નીચે પ્રમાણે છે.

પ્રશ્ન ૨૭ મો : મને સર્પ કરડવા આવે ત્યારે મારે તેને કરડવા દેવો કે મારી નાખવો ? તેને બીજી રીતે દૂર કરવાની મારામાં શક્તિ ન હોય એમ ધારીએ છીએ

ઉત્તર 'સર્પ તમારે કરડવા દેવો એવું કામ બતાવતા વિચારમા પડાય તેવું છે. તથાપિ તમે જો 'દેહ અનિત્ય છે' એમ જાણ્યુ હોય તો પછી આ અસારભૂત દેહના રક્ષણાર્થે, જેને દેહમા પ્રીતિ રહી છે એવા સર્પને, તમારે મારવો કેમ યોગ્ય હોય ? જેણે આત્મહિત ઇચ્છવું હોય તેણે તો ત્યા પોતાના દેહને જતો કરવો એ જ યોગ્ય છે, કદાપિ આત્મહિત ઇચ્છવુ ન હોય તેણે કેમ કરવુ ? તો તેનો ઉત્તર એ જ અપાય કે તેણે નરકાદિમા પરિભ્રમણ કરવું, અર્થાત્ સર્પને મારવો એવો ઉપદેશ કયાંથી કરી શકીએ ? અનાર્યવૃત્તિ હોય તો મારવાનો ઉપદેશ કરાય તે તો અમને તમને સ્વપ્ને પણ ન હોય એ જ ઇચ્છવા યોગ્ય છે

પત્રાંક ૫૩૦

જ્ઞાનમા રૂડુ દેખાડવા મુમુક્ષુ કઈ આચરે નહી, પણ રૂડુ હોય તે જ આચરે

જયંતિ પ્રવચન

માંથી

મહાત્મા ગાંધીજી

શ્રાવક છતાં શ્રાવક અને વૈષ્ણવના વાડાની પાળ જઈ પ્રાણીમાત્ર સાથે અભેદ સાધનારા, મોક્ષને કિનારે પહોંચેલા, વણિક છતાં, ધનપ્રાપ્તિની શક્તિ છતાં, ધનપ્રાપ્તિ માટેના સાહસ છોડી ઈશ્વરપ્રાપ્તિના સાહસ સાધનારા, આધુનિક જમાનાના એક ઉત્તમોત્તમ દિવ્ય દર્શન કરનારા, રાયચંદભાઈનું આજના જેવા સમયે કીર્તન કરવાનો અમૂલ્ય લાભ મળે એ કેવું સદ્ભાગ્ય !

સાહસ તે કોણ કરે, અને શા સારુ કરે ? સાહસ વ્યભિચાર માટે ય થાય. સ્ત્રીને માટે ય થાય, ધનને માટે ય થાય, પણ એ તો કૂવામાં પડવાના સાહસ બરાબર છે. સાહસ તો તરી જવાને માટે કરવાનું છે. પુરુષાર્થ તો આત્મદર્શનને માટે હોય. વેપાર તો એવા ખેડીએ કે જેમાં કોઈનો અપરાધ ન કરીએ જેમાં કોઈની કોડી લેવાપણું ન હોય. મારી સાથે બેસનારા, પહેલે જ દિવસે જેમની સાથે હું વાતો કરતો હતો તેવા કરોડાધિપતિઓના "સગા દીઠા મેં શાહઆલમના ભીખ માંગતા શેરીએ" ના હાલ થયા છે. ત્યારે જે વસ્તુ ક્ષણિક છે તેના ઉપર આટલા વ્યવસાય શા, ઢોંગ શા, ચાળા શા ? સાહસ તો પરમાત્માનો મહિમા જોવામાં અને ગાવામાં કરવું. પરમાત્માની લીલા નિહાળવામાં દીવાના બનવું એ સાચું સાહસ આ આકાશમાં ચમકતા અનેક તારાઓ કોનો પ્રકાશ વિસ્તારે છે ? એની શોધમાં ને શોધમાં જન્મારા ચાલ્યા જાય તે સાર્થક છે. શ્રીમદ્ રાજચંદ્રે મરણ કાળે અસહ્ય દુઃખ ભોગવ્યું, પણ તેમને તે દુઃખનો વિચાર ન હતો, તેમને તો તે વેળા ઈશ્વરદર્શનની જ તાલાવેલી લાગેલી હતી. આજે મારી જિંદગીમાં વિનય સાથે કડવી વાતો સંભળાવવાનો મારે પ્રસંગ આવ્યો છે ત્યારે એવા શ્રીમદ્ રાજચંદ્રનું સ્મરણ કરીને, તેમની અહિંસાની સ્તુતિ કરીને, હું સદ્ભાગી બનું છું જે વસ્તુ આત્માને દૂધ જેવી દેખાય છે તેવી જગતમાં કોઈનો પણ ડર રાખ્યા વિના પ્રગટ કરવાની શક્તિ આપણે એ પુરુષના સ્મરણમાંથી આજે મેળવીએ. ડર એક માત્ર ચૈતન્યનો રાખીએ; ચોવીસે કલાક, રખેને હમેશા ખબરદારી કરનારો ડુભાશે તો નહિ એવી ચિંતા રાખીએ. રાજચંદ્રના જીવનમાંથી તેમની અનંત તપશ્ચર્યા શીખીએ. અને જે અનંત તપશ્ચર્યાને પરિણામે તેઓ ચૈતન્યની જ આરાધના કરતા શીખ્યા તે સમજીએ, અને આપણી અલ્પતા વિચારી, બકરી જેવા રંક બની, આપણામાં વિરાજતા ચૈતન્યને વિચારી સિંહ જેવા સમર્થ બનીએ તો જીવનનું સાર્થક છે.

સં. ૧૯૮૨
કારતક સુદ ૧૫ના

જે છૂટવા માટે જ જીવે છે તે બંધનમાં આવતો નથી.

સત્સંગ

શ્રીમદ્ રાજચંદ્ર—મોક્ષમાળા—પાઠ ૨૪

સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે; સત્સંગ 'મળ્યો' કે તેના પ્રભાવ વડે વાંછિત સિદ્ધિ થઈ જ પડી છે. ગમે તેવા પવિત્ર થવાને માટે સત્સંગ શ્રેષ્ઠ સાધન છે; સત્સંગની એક ઘડી જે લાભ દે છે તે કુસંગના એક કોટ્યાવધિ વર્ષ પણ લાભ ન દઈ શકતાં અધોગતિમય મહા પાપો કરાવે છે, તેમજ આત્માને મલિન કરે છે. સત્સંગનો સામાન્ય અર્થ એટલો કે, ઉત્તમનો સહવાસ. જ્યાં સારી હવા નથી આવતી ત્યાં રોગની વૃદ્ધિ થાય છે, તેમ જ્યાં સત્સંગ નથી ત્યાં આત્મરોગ વધે છે. દુર્ગંધથી કંટાળીને જેમ નાકે વસ્ત્ર આડું દઈએ છીએ, તેમ કુસંગથી સહવાસ બંધ કરવાનું અવશ્યનું છે; સંસાર એ પણ એક પ્રકારનો સંગ છે; અને તે અનંત કુસંગરૂપ તેમ જ દુઃખદાયક હોવાથી ત્યાગવા યોગ્ય છે. ગમે તે જાતનો સહવાસ હોય પરંતુ જે વડે આત્મસિદ્ધિ નથી તે સત્સંગ નથી. આત્માને સત્ય રંગ ચઢાવે તે સત્સંગ. મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી. ઉત્તમ શાસ્ત્રમાં નિરંતર એકાગ્ર રહેવું તે પણ સત્સંગ છે. સત્પુરુષોનો સમાગમ એ પણ સત્સંગ છે. મલિન વસ્ત્રને જેમ સાબુ તથા જળ સ્વચ્છ કરે છે તેમ આત્માની મલિનતાને શાસ્ત્રબોધ અને સત્પુરુષોનો સમાગમ

જયંતિ-પ્રવચન

માંથી

આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

મરહૂમ રાજચંદ્રનું જીવન એક યથાર્થ મહાત્માનું જીવન હતું, તેમના જીવન ઉપર આપણે ખાસ લક્ષ રાખવું જોઈએ. આજકાલ ભણેલાઓમાં એવી ઘેલછા ચાલી છે કે દરેક મોટા લેખકના ગ્રંથો આપણે વાંચી લેવા જ જોઈએ. ખૂબ વાંચવું, ખૂબ લખવું અને ખૂબ છપાવવું એવો રોગ આજકાલ ફાટી નીકળ્યો છે પણ હું તેને વાજબી માનતો નથી. વિવિધ મહાત્માના ગ્રંથોમાં વિવિધ આદર્શો આપણે પ્રત્યક્ષ કરીએ છીએ અને એ આદર્શોની છાપ આપણા અંતઃકરણ ઉપર સ્થાયીરૂપે રહી શકતી નથી. દરેક ગ્રંથની અમુક એક બાજુ હોય છે. આવી અનેક બાજુઓનું પ્રતિબિંબ આપણે આપણા જીવનમાં પાડી શકીએ એ અસંભવિત છે. અંગ્રેજ વિદ્વાનોમાં અનેકને એક ચોક્કસ ગ્રંથકાર કે મહાત્મા પ્રત્યે ખાસ હૃદયભાવ હોય છે. તેઓ પોતાના આખા જીવન દરમ્યાન એ એક જ આદર્શને સેવવા મથે છે. આથી તેમને ઘણો લાભ મળે છે. આપણે એ વિલાયતનું અનુકરણ કરવું જોઈએ અને બની શકે તો એક જ મહાપુરુષના ગ્રંથને દૃષ્ટિ સન્મુખ રાખી તેનું મનન અને નિદિધ્યાસન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. હું જો કે કોઈ ખાસ પ્રકારનો મતાગ્રહ ધરાવતો નથી, તો પણ મધુકરભાવે જે કંઈ ગ્રહણ કરવામાં આવે તેને હું વાજબી માનતો નથી. ગુજરાતના જાહેર જીવનમાં મારે જે અલ્પ સ્થાન છે તેને લક્ષમાં લઈ અને મારે શિરે જે જવાબદારી રહેલી છે તેનો વિચાર કરી મારે કહેવું જોઈએ કે શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથને એક આદર્શરૂપે રાખવામાં આવે તો તેથી તેના ઉપાસકને અત્યંત લાભ થયા વગર રહે નહિ. એ ગ્રંથમાં તત્ત્વજ્ઞાનના ઝરણો વહ્યા કરે છે. એ ગ્રંથ કોઈ ધર્મનો વિરોધી નથી. કારણ કે તેની શૈલી બહુ ગંભીર પ્રકારની છે. હું આ ગ્રંથ વાંચવાની અને વિચારવાની સૌને વિનંતિ કરી મારું બોલવું સમાપ્ત કરું છું.

સં. ૧૯૮૩
કારતક સુદ ૧૫ ના

શ્રીમદ પ્રત્યે

શ્રી જગુભાઈ
મણિલાલ
શાહ

મંદાક્રાન્તા

રાત્રીએ જો રુદન કરશો, દિન વીતેલ માટે,
રે! તો ખોશો, રવિ ન મળતાં, તારલાની મઝા યે;
એવા એવા હ્રદય ભરીને, કલ્પનાના પ્રવાહે,
હંકારી'તી મમ જીવનની, નાવ સંસારભાવે.

વાટે, ઘાટે, વિજન વગડે, સ્વપ્નનાં કૈં પ્રદેશો,
ગાળે લીધા સ્વજન ગણીને માન, માયા, વિભાવો,
આશા, તૃષ્ણા સતત વળગ્યાં, પંથભેરુ બનીને,
આવી મારી ગુંચુંવાળી, વર્તના જે સ્વચ્છંદે.

મિથ્યા માગે મરુભૂમિ સમો માર્ગ એવો હતો ત્યાં,
પામ્યો તારો ભક્તિ જનના યોગથી સાથવારો;
ને વિશ્રામો અંતર મળ્યો, પુણ્ય કેરા પ્રભાવે,
જે નાનો તે નિત નિત વધ્યો, આજ એ યાદ આવે

મીઠા માર્ગ, ભવ અગનના, એકલો 'રાજ' તારો,
એવા યોગે જીવન જીવવું, શૂન્યમાં મૂલ્ય તારું.

SELF-FULFILMENT

Shrimad Rajchandra's Atmasiddhi Shastra

English version by
Fr-Francis X. Whitely SJ.

FOREWORD :

Anyone who launches his banque upon the waters of Jaina Philosophy is afloat upon a boundless ocean Nothing could be further from the truth than the ill-informed dictim of Dr Hopkins, fifty years ago Professor of Sanskrit at Yale; "The Jainas have no literature worthy of the name Actually in the reference-book I possess, the mere list of Jaina writers runs into fifty pages of close type, and what has been printed is probably only a fraction of what still lies undiscovered in thousands of Jaina libraries, in Maths throughout Saurastra and elsewhere Even one like myself who has barely touched the fringe of Jaina Philosophy cannot fail to be aware of its vast range

Well, the ATMASIDDHI-SHASTRA is a profound philosophical poem, breathing throughout the deep language of misticism Not unfrequently gives expression to what seem to be rather "intuitions" than more logical conclusions, intuitions so deep that perhaps even Shrimad Rajchandra himself would be hard put to it to elucidate them save to three to four of his most enlightened disciples. This being so, it would not be surprizing if the present translator has several times failed to do full justice to the Poet's thought To do that he has gone to the limit of his capacity, and has made stern efforts to exclude from an exact translation, any conceptions or beliefs of his own which might not be in line with those of the great Jaina Poet-Philosopher of Vavania For any inaccuracies or faults of translation he humbly begs the reader's indulgence, and begs the favour of having these mistakes pointed out, and if possible the favour of an exact and clear translation in these cases

PRELUDE :

Discerning not my inmost self, I suffered grief severe,
The guide divine who showed it me, prostrating I reverse 1

[illegible]

CORRUPT TIMES-MEANIGLESS RITUAL-BARREN BOOK-LEARNING

In these corrupted times of ours, Salvation's Path conceal,
For genuine Seeker's ponderings, I the path unseen reveal 2

Some in life-less ritual stuck, see there release of soul,
While some in barren learning trust-my eyes and heart condole 3

They wallow in external rite, internal change there's none,
They bar the path of knowledge true-"rubrician's" name have won 4

Bondage, release illusive are-this is how they talk,
They tread a path illusory, in barren learning walk 5.

Where in the heart Renouncement lacks, there soul-insight is not,
But where Renouncement's all the goal, the Last End is forgot 7

In every varying circumstance, the thing that's right perceive,
And aims to act accordingly-such Seeker True believe. 8

The one who—by True Mater's word—attains the light all-clear,
His Master (not there yet attained), he'll still as lord revere 19

Such the path of Reverence—declared the One All-Free,
That Path's design original, some favoured souls may see 20

But if the gains of Reverence, False Master dare to spoil,
He'll suffer fell Delusion's fate, and drown in life's turmoil, 21

True Aspirant should there be, he'll grasp the thought proposed,
But should there be Sectarian, he'll strike a line opposed. 22

No Sectarian will there be, who maketh Soul his aim,
The qualities of such a man, impartially I'll name. 23

THE SECTARIAN – 24 – 33

Each pious-faced benighted one, True Master will he rate,
While caste-religion's guru wins worship infatuate 24

The Jina's striking body, his audience-hall so great,
Suspends the zealot's reason, proclaims Jina complete. 25

At True Master's elbow e'en, he only acts for show,
Exalts the Master False-for vanity's mere glow,

Vain Tales of future States He reckons Scripture blest,
Vain forms of his religion, he deems Salvation's crest 27.

The Path misunderstanding, assumes the pride of vows,
Let End Supreme be missed but mundane praise arouse 28

Adopts the true mentality-"but just in word alone,"
Has lost Salvation's Path-nor means to it can own 29

Nor path of Knowledge scales, nor path of Means attains;
But with the lost soul of his clique, sunk deep in sin remains. 30

Souls like this in bigotry-(for self-conceit)—persist,
By cause of their unfitness, the Aim of Life they've missed 31.

Nor passions pacified, nor inner mastery,
Nor guileless mind nor evenness—unhappy bigot he. 32

I've painted the Sectarian—self-will to overthrow,
Now Seeker True you'll hear-soul's delectation know 33.

THE TRUE SEEKER—34—39

Saint—Hood is in Soul—Discernment—Guru's authentic line,
All else is clannish guide's deceit—there nought I see devine 34.

[illegible]

CORRUPT TIMES-MEANIGLESS RITUAL-BARREN BOOK-LEARNING

In these corrupted times of ours, Salvation's Path conceal,
For genuine Seeker's ponderings, I the path unseen reveal 2

Some in life-less ritual stuck, see there release of soul,
While some in barren learning trust-my eyes and heart condole 3

They wallow [illegible] external rite, internal change there's none;
They bar the path of knowledge true-"rubrician's" name have won 4.

Bondage, release illusive are-this is how they talk,
They tread a path illusory, in barren learning walk 5

Where the heart Renouncement lacks, there soul-insight is not,
But where Renouncement's all the goal, the Last End is forgot 7

In every varying circumstance, the thing that's right perceive,
And [illegible] to act accordingly-such Seeker True believe 8

The one who—by True Mater's word—attains the light all-clear,
His Master (not there yet attained), he'll still as lord revere 19

Such the path of Reverence—declared the One All-Free,
That Path's design original, some favoured souls may see 20

But if the gains of Reverence, False Master dare to spoil,
He'll suffer fell Delusion's fate, and drown in life's turmoil, 21.

True Aspirant should there be, he'll grasp the thought proposed,
But should there be Sectarian, he'll strike a line opposed 22

No Sectarian will there be, who maketh Soul his aim,
The qualities of such a man, impartially I'll name 23

THE SECTARIAN - 24 - 33

Each pious-faced benighted one, True Master will he rate.
While caste-religion's guru wins worship infatuate 24

The Jina's striking body, his audience-hall so great;
Suspends the zealot's reason, proclaims Jina complete 25

At True Master's elbow e'en, he only acts for show,
Exalts the Master False-for vanity's mere glow,

Vain Tales of future States He reckons Scripture blest,
Vain forms of his religion, he deems Salvation's crest. 27.

The Path misunderstanding, assumes the pride of vows,
Let End Supreme be missed but mundane praise arouse 28

Adopts the true mentality-"but just in word alone,"
H is lost Salvation's Path-nor means to it can own. 29.

Nor path of Knowledge scales, nor path of Means attains,
But with the lost soul of his clique, sunk deep in sin remains. 30.

Souls like this in bigotry-(for self-conceit)—persist.
By cause of their unfitness, the Aim of Life they've missed 31

Nor passions pacified, nor inner mastery,
Nor guileless mind nor evenness—unhappy bigot he 32

I've painted the Sectarian—self-will to overthrow,
Now Seeker True you'll hear-soul's delectation know 33.

THE TRUE SEEKER—34—39

Saint—Hood is to Soul—Discernment—Guru's authentic line,
All else is clannish guide's deceit—there naught I see divine 34

[illegible]

To Find a present Master True, a grace supreme you'll hold,
With all they powers' strength combined, be by his laws controlled 35

One the Same in ages all, the path to bliss direct,
Leads to Bliss one path unique-the same for every sect 36

Pondering inwardly on this, seek Master True to find,
Soul–fulfilment man's sole work—sole craving of his mind 37

His passions tranquillized, His only wish Salvation,
Sick of birth, compassionate Releasement's habitation 38

So long as this condition fail, non can Salvation seize
Set foot upon Salvation's Path allay the soul's disease 39

False is the collation. Identically they're made;
One from other different is -- as differs sheath from blade. 50

The "Seer" of the seen, "Declarer" of the form,
Sure "Tester" of experience -- all that is Spirit's norm 51.

To every sense the stuff belongs of its respective goal,
Perception for five senses -- Intuition for the soul 52

No body knows its object, No more the Flow of Sense,
That's the soul's prerogative -- All Recognition's thence 53

In every circumstance, She's seen another creature,
Self-concious manifestly -- Her cleare and constant feature. 54

You know pot, cloth etcetera, and grant them to exist,
Their knower you'll not grant - such knowledge how to list ? 55

See great wisdom in small frame, wisdom spare in vast;
If soul and body be the same, invalid this contrast. 56

Matter and spirit are diverse -- 'tis plain to ostentation;
Opposites - they are never one - in any condition 57

Soul has doubt of soul, soul itself diffides,
Soul itself the doubter - such *thought my mind o'er-rides* 58

SECOND DIFFICULTY — 59-61

he pupil raises a doubt as to the Enternity of soul

Existence of soul, your Grace has demonstrated,
The possibility grows, when deeply meditated 59

Now a second doubt is born — soul is not undying,
For its rise as for its falls, is soul on flesh relying. 60

Or soul is but a fleeting thing, from trice to trice unstable,
From such known fact soul's permanence conclude we are not able 61.

TRUE MASTER'S—SECOND ANSWER — 62-70

The True Master shows that soul is eternal

Flesh is but a compound - matter dead - to view,
Live spirit's rise and fall — to whom or what is due ? 62

What perceives, what observes, the flow of come and go ?
Distinct from body that must be - how else it transient know ? 63

Of every union that is seen, 'Tis soul that is the "Seer",
Sprung from union none herself, eternal she — 'tis clear. 64

Nor soul the flesh, nor flesh the soul, could possibly beget,
Such an experience, for sure, no one has ever met 65

[illegible]

Union none can be devised, whence soul might take her rise;
Nor aught can bring (about) her fall -- wherefore soul never dies

Anger and such like passions in snakes from birth we see;
Witness to a former birth, see soul's eternity

Soul, in substance stable is, its modes decrease and grow;
In childhood, youth, maturity ourselves are one, we know

On seeing passing things, you transience affirm:
A former sure not transient is -- experience doth confirm

Destruction of a substance in no case is entire;
So then if soul should be destroyed, what it becomes, enquire

If God's existence be unsure, earth's plan is all undone;
For works both good and bad alike, requital there'll be none 81

TRUE MASTER'S FOURTH ANSWER — 82–86

The True Master explains how the soul tastes the fruits of its own acts

Self–Conceived our Karmas, animated they:
Soul–power instigating, to quicken Karmic-clay 82

What nectar or strychnine ignore, the drinker straight will feel,
So all works good and bad alike their fitting fruits reveal 83

Recall some inequalities - say of prince or slave,
Without apt cause, effect there's none -- be it gay or grave 84

To postulate "Fruit-giver" God, 'tis sure there is no need,
"Karmas" of themselves bear fruit - and, bearing fruit, recede 85

Enjoyment's variations, from circumstances' fate;
Of doctrine deep and tortuous, child, outline I indicate 86

FIFTH DIFFICULTY – 87–88

The pupil denies that the soul's salvation springs from its works

Granted soul may do, may reap – there's no Release at all,
Unnumbered years have passed away – to–day persists the thrall 87

Some for good deeds the fruit enjoy, in state of utter bliss,
Bad deed some do - with fruits of hell, none can the Karmas miss 88

TRUE MASTER'S FIFTH ANSWER — 89-91

The True Master explains how the Soul's salvation comes from its own acts

Just as Karmas good or bad their due results will prove;
So wise one, Release will come – all bondages remove 89

The Chain – through countless years – of Karmas good and bad:
Once good and bad are ended – Salvation's state so glad 90

From the body's bondage, eternally unbound;
Fulfilled is Liberation's state, eternal bliss is found 91

SIXTH DIFFICULTY – 92–95

The pupil raises the difficulty that there are no Means of Salvation

Salvation's Road perhaps there be, sure means to tread it fails
Karmas' years unnumbered are – what can them curtail ? 92

There see the schools and paths diverse they offer means untold
Which among them is the truth ? who can this unfold ? 93

In what Caste's Salvation ? How garb ere be cast ?
How can we be sure of that ? Dharma's [illegible] 94

[illegible]

Consequence 'tis crystal-clear – no means at all there be,
Then knowledge of the soul and the rest – what good is that to me ? 95.

By the five-fold rebuttal, convinced is every sense
Salvation's Means explain to me – a blessed life commence 96.

TRUE MASTER'S SIXTH ANSWER – 97 – 105

The true Master explains that there are means of salvation.

About the soul, my answers five have set your mind at peace;
Assurance equal now I'll give re Means of Soul's Release

Bondage comes from ignorance – the Saved in self abide,
Ignorance is darkness by knowledge laid aside 98.

What are thraldom's causes, They are thraldom's way,
[illegible] the cause – Releasement's Path – end of thraldom's day 99

[illegible] Hate and ignorance – loom large on Karmas' roll,
[illegible] from these, and then you're straight for Freedom's goal 100

[illegible] consciousness, of all illusion free,
[illegible] 101

Firm in his own self, to possess his aim he's bent
Dwells in his own nature, on Highest Aim intent 111
Valid Faith waxed strong blots out belief insane,
With godly personality Detachment firm attain 112
Knowledge pure achieving, perennial light possessed,
Perfect Light we call it – tho' in body, Eden blessed 113
Dreams of crores of years dissolve, as soon as wakes the eye,
Once True Knowledge enters in primeval errors fly 114
Dislodge the flesh from soul's domain – 'tis thus you'll end your Karma,
And cease at last to taste its fruits – secret that of Dharma 115
Such Dharma gives Release – thou art Releasement's Norm,
Light and Vision endless – Being's resistless form 116
Pure, wise, full consciousness, blest home of inner light,
What more are we to say ? Think – and attain it right. 117
Strivings of all wise men, here at last find peace,
The Words Of The True Master, In Rapture Fallen – Cease 118

PUPILS'S GRATITUDE – 119 – 137

From my True Master's speech, rare light illuminates,
One's State one grasps with inward grasp – the dark evaporates 119
Revealed to one his nature now – spirit pure and clear,
Ageless, deathless and unfading – free from body drear 120.
Karmas done and tasted – on Delusion's way,
Dawned the day of Knowledge – "Non-Doer" now straightway 121
Of his own fruit he reaps – depth of thought full reed,
Doer and Receiver both – of all mutation freed 122
In Purity lies Release, there lies the road,
With concise explanation – the Perfect Path he showed 123
Oho ! Oho ! True Master, Oh mercy's boundless sea,
Wretched one I be. Oh Lord – what grace thou hast done me ! 124.
At my Lord's feet what can I give ? For all is less than soul,
'Tis soul that he has given me – I'am at his full control 125
All my body, all the rest, I lay at my Lord's door,
I serve – I serve – I serve – Lord's man so poor 126
May some six explaining, the soul distinct has shown;
Distinct as sword from scabbard – conferred a priceless boon 127.

CONCLUSION 128 - 142

Within these doctrines six, see mansions six set out;
By closely meditating, will vanish every doubt 128

No sickness like delusion – good doctor Guide Select:
But found the Master's word – best drug· Think and Reflect 129

Desirest Self Fulfillment ? Work well night and day;
Allege not Fate nor Destiny, nor e'er Soul-Seeking stay 130

Heard the absolute word, do not the means reject,
Keep eye upon the goal, to means thy hands direct 131.

Not in theory only have we the work defined;
Nor in practice only,– both have been combined 132

Where [illegible] fancies rule, There will be no practice sound:
Wherever true self-knowledge fails, can be no absolute ground 133

[illegible] One[illegible] erewhile have been, and some there be to-day,
In future times there'll be also – there is no change of way 134

[illegible] the Perfect One – to know is to achieve,
[illegible] Word and Jina State – both helpful are, believe 135

[illegible] the helping cause disdain;
[illegible] Fulfilment – in error fixed remain 136

શ્રી રાજ-પ્રશસ્તિ

(વસન્તતિલકા)

ઉગ્યો શ્રી ભગવાનની કાર્તિકી પૂર્ણિમાએ,
સુજ્ઞાન દીપ્તિધર શાન્તિ સૌમ્યતાએ;
જેને નિહાળી નિજ આત્મ-અનુભૂતિ,
ત્રણ ઉજ્વલિત ધન્ય થયો નિવાસી. ૧

જેના સુબોધની પીયૂષ તણા પિપાસુ,
પામ્યા સુનીપ અતિ ભવ્યજનોર આશુ;
પામ્યો મુમુક્ષુજન - હીરચન્દ નન્દ,
તે રાજ-ચન્દ્ર અભિવન્દુ સુસૌખ્ય-કન્દ. ૨

જ્ઞાન સ્મૃતિ પ્રબળ, કેવળમાં જ પામ્યા,
જેણી અનેક ભવ મોહથી વિરામ્યા;
આદર્શ કારી રચના જ શતાવધાનો;
આશ્ચર્ય-અભિરામ સર્વ થયા પીછાનો. ૩

સૌરાષ્ટ્રમંડિત [illegible] ગાદીની,
તેમાં નિવાસ કરી નિત્ય સમાધીની;
નિર્લેપ પંકજ સમા અતિ સુસાધ્વીભાવે,
[illegible] ઉપાધિ - અગાધ [illegible] વિરાજે. ૪

[illegible] સમાધિ-અતિ [illegible] [illegible] ;
શ્રી [illegible] [illegible] [illegible] ;
[illegible] [illegible] વિરાજતી,
[illegible] [illegible] પધારી ૫

[illegible] - [illegible] [illegible] [illegible],
[illegible] - [illegible] [illegible] [illegible];
[illegible] [illegible] [illegible] [illegible],
[illegible] [illegible] [illegible]. ૬

[illegible] [illegible] [illegible] [illegible],
[illegible] [illegible] [illegible] [illegible];
[illegible] [illegible] [illegible] '[illegible]',
[illegible] [illegible] [illegible]. ૭

સુજ્ઞાન-મન્થન થકી મથી શાસ્ત્ર-અબ્ધિ,
શ્રી 'આત્મસિદ્ધિ'-નવનીતની ઉપલબ્ધિ;
સદ્ય કરી નિજ - સુબંધ જનાવવાને,
ષટ્ દર્શનો સુગમતાથી વિચારવાને. ૮

જેની કૃપાથકી થયા લઘુરાજ સ્વામી,
આત્માનુભૂતિ વરીને સ્વ-આત્મગામી;
શ્રી લાલચંદ સુત સ્થાન તીર્થવાળી,
સન્માનિતારી નિવાસ પ્રતિ ઉદાસી ૯

સુજ્ઞની પરમાર્થ સમા [illegible],
શ્રી આત્મભૂતિ નિમાયી [illegible];
જેની સુબોધમયા નીકળ્યું મહી કટારી,
[illegible] - ઘનમાંથિ [illegible] નારી. ૧૦

[illegible] [illegible] પ્રભાળ - દર્શનમોહ [illegible],
[illegible] [illegible] [illegible];
તે [illegible] [illegible] [illegible] [illegible],
[illegible] [illegible] [illegible]. ૧૧

[illegible] [illegible] [illegible] [illegible],
[illegible] [illegible] [illegible] [illegible],
[illegible] [illegible] [illegible] [illegible];
હે નાથ ! [illegible] [illegible] [illegible] [illegible]. ૧૨

[illegible] [illegible] [illegible],
[illegible] [illegible] [illegible] [illegible],
[illegible] [illegible] [illegible] [illegible];
[illegible] [illegible] [illegible] [illegible]. [illegible]

[illegible]

શ્રીમદ્ રાજચંદ્રજીની ચિંતન સમૃદ્ધિ

ડૉ. સોમાભાઈ ધુ. પારેખ.

ભારતીય સંસ્કૃતિના ઊગમકાળથી, પરમતત્ત્વની ખોજ અને પ્રાપ્તિ માટે. અનેક ઋષિ-મુનિઓ, તત્ત્વચિન્તકો, સન્તો અને સાધ્વીઓએ અથાગ પ્રયત્ન કર્યા છે. સમગ્ર સૃષ્ટિમા અને વિશ્વમાં ચેતનસ્વરૂપ કોઈ પરમતત્ત્વનો ધબકાર અને અણસાર અનુભવીને, એ તત્ત્વનો સાક્ષાત્કાર કરવા. અનેક મહાપુરુષોએ પ્રયત્ન કર્યા છે. આખા વિશ્વમા જે ચૈતન્ય વિલસી રહ્યુ છે તે જ ચૈતન્ય માનવીના નાનકડા દેહમાં અખંડ અને અવિરત રીતે, તાલબદ્ધ લય અને સંગીત સ્વરૂપે ધબકી રહ્યુ છે એની અનુભૂતિ કોઈ વિરલ મહાત્માઓ જ કરી શક્યા છે. અર્વાચીન યુગમા શ્રી રમણ મહર્ષિ, શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી અરવિંદ ઘોષ અને શ્રીમદ્ રાજચન્દ્રજી જેવી વિભૂતિઓએ દર્શાવ્યુ છે કે, આત્મા એ જ પરમાત્મા છે આત્માના સાક્ષાત્કારદ્વારા તેઓ પરમાત્મારૂપી અસીમ, અમાપ અને સર્વવ્યાપક વિરાટ તત્ત્વનાં દર્શન કરી શક્યા, એ માનવજીવનની સર્વ સિદ્ધિના શિરમોર સમી સિદ્ધિ ગણી શકાય.

[illegible]ના વિજ્ઞાનદ્વારા માનવ જીવન જેટલા ડગલાં આગળ વધ્યું હશે, તેનાથી અનેક [illegible] ઊર્ધ્વગામી પ્રગતિ મહાત્માઓના આત્માના સાક્ષાત્કારથી થઈ છે, એ હકીકત છે.

[illegible]

સાક્ષાત્કાર માટે તેઓએ અવિરત અને અખંડ સાધના આદરી. ૩૪ વર્ષના ટૂંકા આયુષ્યકાળમાં, કઠિન તપશ્ચર્યા અને સાધનાદ્વારા તેઓએ પોતાનામાં વિશ્વની ચૈતન્ય પરમાત્મતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો.

પ્રસિદ્ધ જ્ઞાનમાર્ગી ગુજરાતી કવિ ધીરા ભગતનું 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ' એ પદ તેઓ સારી પેઠે જાણતા હતા અને મુમુક્ષુઓને ડુંગર ઓથેનું તરણું દૂર કરવા ઉપદેશ આપતા. ધીરા ભગતનું આ ૯૮ પદ તેઓએ જીવનમાં સારી પેઠે ઉતાર્યું હતું. તેની કેટલીક પંક્તિઓ આ પ્રમાણે છે.

સદ્ગુરુજીએ કૃપા કરી જાગે, આપ થયા છે પ્રકાશ.
[illegible] સાધન સાધે, પોતે પોતાની પાસ;
ખાસ ખોળી કરે છે રે, જ્યાં જોઉં ત્યાં તુંહી તુંહી...
તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહીં;
અજ્ઞાનના માટે રે, સમરથ ગાજે સહી; ૯

[illegible] શ્રીમદ્ વૈરાગ્ય અને ધર્મભાવના [illegible] હતા. [illegible] નાની વયે, તેનો [illegible] પૂર્વજન્મના [illegible] કરી [illegible] હતો. સંવત ૧૯૩૧ માં [illegible] અને તેમની [illegible] 'અપૂર્વ [illegible]' એ કાવ્યમાં આ [illegible] કર્યો છે:

[illegible]

